શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય વાટિકા : પુસ્તક ૧૭ મું
સંપાદક : ગિજુભાઈ

# ઋતુના રંગ

લેખક :

## ગિજુભાઈ બધેકા

આવૃત્તિઓ

પહેલી આવૃત્તિ : જાન્યુઆરી૧૯૩૭
બીજી વાર : ઓગસ્ટ ૧૯૬૪
પુનર્મુદ્રણ : માર્ચ ૧૯૬૪

આ પુસ્તકની ૧૯૬૪ની આવૃત્તિ ૭૨ પાનાંની હતી.

# અનુક્રમણિકા


- ઋતુના રંગ : પરિચય
- ઋતુના રંગ : ૧ :
- ઋતુના રંગ : ૨ :
- ઋતુના રંગ : ૩ :
- ઋતુના રંગ : ૪ :
- ઋતુના રંગ : ૫ :
- ઋતુના રંગ : ૬ :
- ઋતુના રંગ : ૭ :
- ઋતુના રંગ : ૮ :
- ઋતુના રંગ : ૯ :
- ઋતુના રંગ : ૧૦ :
- ઋતુના રંગ : ૧૧ :
- ઋતુના રંગ : ૧૨ :
- ઋતુના રંગ : ૧૩ :

# પરિચય

આ ચોપડીઓમાં જુદી જુદી ઋતુઓના નિસર્ગના થતા ફેરફારોનું દર્શન કરાવવામાં આવેલું છે. કુદરતના બનતા બનાવો વચ્ચે આનંદ અનુભવતા માણસે પત્ર રૂપે નાનાં બાળકોને આ લખાણ દર બુધવારે મોકલેલું છે.

'બુધવારિયું' નામના હસ્તલિખિત અઠવાડિયામાંની આ એક વાનગી છે.

જાન્યુઆરીથી જુલાઈ સુધીનો નિસર્ગપરિચય આ ચોપડીમાં છે. આની પાછળ બીજી ચોપડી ઊભેલી છે.

**ગિજુભાઈ**

# ઋતુના રંગ : ૧ :

**ભાવનગર**

તા. **૨-૧-૩૬**

વહાલાં બાળકો !

'બુધવારિયા' માં મારો આ પહેલો પત્ર છે. દર અઠવાડિયે હું તમને જરૂર એક પત્ર લખીશ. તમારી ઉપર પત્ર લખવાનું મને બહુ ગમે છે. તમે મારા ઉપર પત્ર લખશો તો મને ખૂબ જ મજા પડશે.

જુઓ, હમણાં શિયાળો ચાલે છે.

**શિયાળે શીતળ વા વાય,**
**પાન ખરે, ઘઉં પેદા થાય.**

આ કવિતા તમે પહેલાં કોઈ દિવસ વાંચી છે ? આપણા કવિ દલપતરામ ડાહ્યાભાઈએ એ લખેલી છે.

શિયાળામાં અનાજમાં ચણા ને ઘઉં થશે. શાકમાં રીંગણાં થશે; કોબી, પાપડી, મૂળા, મોગરી, સરગવો, વગેરે થશે.

લોકો ઘરમાં પાક કરશે : મેથીપાક, અડદિયો પાક, ગોળપાપડી ને એવા પાકો.

સૌને ટાઢ વાશે એટલે ગરમ કપડાં પહેરશે, સગડીએ તાપશે અને તડકે બેસશે.

શિયાળામાં હાથપગ ફાટી જશે ને તડિયાં પડશે. લોકો કોકમનું ઘી, વેસેલીન, ઝાંબુક ને એવું ચોપડશે.

જુઓ, આ શિયાળો છે. મેં લખ્યું એમ જ બધું છે ને ?"

તમારા

**ગિજુભાઈના આશીર્વાદ**

# ઋતુના રંગ : ૨ :

બાલમંદિર : **ભાવનગર**

તા. **૨૬ -૧ - ૩૬**

પ્રિય બાળકો !

ગયે વખતે મેં તમને વહાલાં લખ્યાં હતાં; આ વખતે પ્રિય લખું છું. વહાલાં અને પ્રિયમાં નથી ફેર લાગતો. કેટલાંકને ' વહાલાં ' ગમે ને કેટલાકને ' પ્રિય ' ગમે; તમને શું ગમે ?

શિયાળો હજી ચાલે છે, એમ લખું તો યે ઠીક અને ન કહું તો યે ઠીક. આટલી બધી ટાઢ પડે છે, મારા અને તમારા હાથપગ ફાટી જાય છે, ગોળાનું પાણી બરફ જેવું ઠંડું થઈ જાય છે, એટલે એની મેળાએ ખબર પડે કે આ શિયાળો છે. ઉનાળે એની મેળાએ ખબર પડે કે આ ઉનાળો. તડકા એવા તપે, એવા તપે કે વગર પૂછે ઉનાળો. અને આકાશેથી વરસાદ તૂટી પડે એટલે કબીર કહી ગયા છે કે ચોમાસું. એમાં તો પૂછવાનું જ નહિ.

જુઓ, શિયાળો બેઠો એની બીજી રીતે ય ખબર પડે. દિવાળી પછી શિયાળો આવે અને દિવાળી પછી દિવાળીઘોડો આવે. તમે એને ઘણી વાર ભાળ્યો છે પણ એનું નામ તમને નહિ આવડતું હોય. ધોળા અને કાળા રંગનું પેલું આંગણામાં દોડતું અને પાછળથી વારે વારે પૂંછડી ઊંચી કરતું જાય, એ પક્ષી તે દિવાળીઘોડો. તમને ખબર છે, એ પક્ષી ક્યાંથી આવે છે ? અરે, એ તો દક્ષિણ યુરોપથી - ઠેઠ ઈટાલીથી આવે છે. એટલે બધે દૂરથી ? અને એ અહીં શા માટે આવતું હશે ? શા માટે ? ત્યાં યુરોપમાં બહુ સખત ટાઢ પડે ને ઠરી જવાય એટલે કેટલાં ય પક્ષીઓ અહીં હિંદુસ્તાનમાં આવે છે. દિવાળીઘોડો પણ અહીં ગરમ હવા ખાવા આવે છે. ગરમ હવા ? હા; અત્યારે આપણે માટે અહીં શિયાળો છે પણ આ પક્ષીને તો એની ટાઢ જરા યે ન વરતાય. ઊલટું અહીંનો તડકો એને ગમે; અહીં એને મજાનું હૂંફાળું લાગે. પછી જ્યારે આપણે ત્યાં ઉનાળો આવશે ને યુરોપમાં વસંત ખીલશે ત્યારે દિવાળીઘોડો પાછો ચાલ્યો જશે.

દિવાળી ઉપર એ આવે છે તેથી આપણે એને દિવાળીઘોડો કહીએ છીએ. એનું બીજું નામ ખંજન પણ છે. અંગ્રેજીમાં એને વૅગટેઈલ કહે છે; ટેઈલ એટલે પૂંછડી અને વૅગ એટલે હલાવવું; આખો દિવસ પૂંછડી હલાવ્યા કરે એટલે વૅગ ટેઈલ.

દિવાળીઘોડા વિષે લખવા બેસું તો ઘણું લખાય, પણ આજ તો રહેવા દઉં છું.

જુઓ ત્યારે, એક કામ કરો. આ દિવાળીઘોડાને જોયા જ કરો. ને એ કેમ ખાય છે, કેમ ઊડે છે, કેવું બોલે છે, એ તપાસ્યા કરો. તમે એક વાર જોઈ રાખો; હું પછી બધું કહીશ. હાલ તો બસ.

લે. તમારો

**ગિજુભાઈ**

# ઋતુના રંગ : 3 :

બાલમંદિર : **ભાવનગર.**

**તા. ૨ - ૨ - ૩૬**

વહાલાં બાળકો !

હજી શિયાળો ચાલે છે, ખરું ? અત્યારે મહા મહિનો છે. શિયાળાના ચાર માસ ગણાય છે : કારતક, માગશર, પોષ અને મહા. એમ છતાં કારતકમાં ઠંડી થોડી હોય છે અને ઘણી વાર નથી હોતી; અને ફાગણની પૂનમ સુધી તો ઠંડી સારી રીતે પડે છે. લોકો તો એમ માને છે કે ફાગણ માસની હોળી તાપ્યા વિના ટાઢ ઊડે જ નહિ.

ગયા અઠવાડિયામાં બહુ ઠંડી ન હતી એટલે કામ કરવાની મજા આવી. છતાં હજી ગરમી તો વધી જ નથી. વચ્ચે બેત્રણ દિવસ બપોરે ઠીક ઠીક પવન રહ્યો એટલે બાલમંદિરનાં બાળકો સંગીતમાં આવ્યાં જ નહિ, અને અખાડામાં રમવા લાગ્યાં. આ ઋતુમાં બાળકોને તડકો બહુ ગમે છે. અખાડામાંથી તેઓ ખસતાં જ નથી. તેઓ ત્યાં લપસે છે, કૂદે છે, દોડે છે, ચોરચોર રમે છે, હીંચે છે, ને ચક્કર પર પણ જાય છે. બાળકો ઓરડામાં આવે નહિ એટલે અમે બધાં અખાડામાં જઈને ઊભાં રહીએ છીએ. ઓરડામાં જ કાંઈ થોડું ભણતર છે ? અખાડામાં આ બધું ભણતર જ છે ના !

શિયાળો; ઉનાળો અને ચોમાસું : એમાં તમને કઈ ઋતુ ગમતી હશે એ તો તમે જાણો. પણ એ સાચું છે કે ગરીબનો ઉનાળો અને પૈસાદારનો શિયાળો. શિયાળે ઓઢવા-પાથરવા જોઈએ, પહેરવા પણ જોઈએ, અને ભૂખ પણ વધારે લાગે. અને તે માટે પહેરવાઓઢવાનું તેમ જ સારું સારું ખાવાનું ગરીબ પાસે તો નથી. શિયાળે પૈસાદારને શું ? ટાઢ વાય તો આ...ને મજાની સગડી પાસે તાપે, ગરમ મોજાં પહેરે, શાલો ઓઢે અને રજાઈઓ ઓઢીને સૂઈ રહે. બિચારાં ગરીબો ટાઢે ઠૂંઠવાય. એમને પૂરું પાથરવા-ઓઢવાનું હોય તો કે ? અને તડકે કે સગડીએ ક્યાંથી તાપે ? પેટને માટે કડકડતી ટાઢમાં પણ કામે તો જવું જ પડે. બાકી ઉનાળો આવે ત્યારે ગરીબોને નિરાંત. ફાટલાં કપડાં હોય તો યે ચાલે. શહેરમાં સેંકડો લોકો ફૂટપાથ ઉપર એમ ને એમ પડ્યા જ રહે છે. પણ

એમને આવી રીતે પડ્યા જ રહેવું ગમે છે એમ ન માનજો. એમની પાસે પૈસા નહિ, ઘર નહિ, ખાટલાગોદડાં નહિ એટલે એમની આવી દશા.

વારુ, એ તો બધું બદલાશે જ. હમણાં તો આપણે આપણો શિયાળો તો વિતાડીએ? કાં, લીલા ચણાના શાક ખાઓ છો કે નહિ? પાપડીનાં ને તુવેરનાં ઊંધિયાં ય ખાતા હશો. રીંગણાનો ઓળો ખાતા હશો; હમણા મોટાં અને કાળાં રીંગણાં બહુ આવે છે. ને એમ તો શિયાળુ શાકમાં કેટલાં ય આવે છે: પાપડી, નોલકોલ, મેથી, વાલોળ, કોબી, રીંગણાં, ફૂલગોબી, મોગરી, ને એ બધાં. કહો, તમને કયું શાક ભાવે, ભલા?

શાક ખાવા જોઈએ એ તમે જાણો છો? લીલાં શાકો ખાવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે. શકરિયાં, ગાજર, મૂળા, મોગરી, ટમેટાં, કોબી ને એવાં એવાં શાકો તો ચાવી ચાવીને ખાવાથી બહુ ફાયદો થાય એમ બધા કહે છે. લાલ ટમેટાં બહુ ગુણકારી, હં! એની કચૂંબર થાય, એનો સૂપ થાય, અને એનો મુરબ્બો પણ થાય. તમારી બાને આવડતો હોય તો કહેજો કે કરી આપે.

હમણાં જમરૂખ આવે છે, બોર આવે છે; જોજો, ખાવાનું ભૂલી જતાં નહિ. તમે તમારા ભણતરમાં એટલાં બધાં કદી ન પડતાં કે ખાવાપીવાનું ભૂલી જવાય. તો તો બધું ભણતર નકામું જાય.

જામફળ ઉપર જરા મીઠું ભભરાવજો; તો ખટાશ ઓછી થઈ જશે ને મીઠાશ આવશે. જામફળનો પણ મુરબ્બો થાય; એકલી કેરીનો જ થાય એમ નથી. પણ આ બધું તમને મળે છે; બિચારાં ગરીબનાં છોકરાંને મુરબ્બા વળી કેવા? અને જામફળો અડધાં પાકાં ને અડધાં કાચાં એવાં કાછિયાઓ એને વેચે; પૂરા પૈસા આપે તો યે સારું ન આપે તો!

આ શિયાળામાં ઘરમાં બેસી ન રહેતાં; જરાક બહાર ફરવા જજો. જરા ધુમ્મસ પડતું હોય ત્યારે બહાર જશો તો મજા આવશે. નજીકનાં ઘરો પણ નહિ દેખાય; આકાશ, સૂરજ, ને એવું કાંઈ યે નહિ દેખાય. ત્યારે બધું ઝાંખું ઝાંખું જોવાની યે મજા પડશે. મોટા મોટા ડુંગરા ઉપર તો એવું ધુમ્મસ વરસે કે બે જણા સાથે ચાલતા હોય તોપણ એકબીજાને ન વરતાય. આપણે ધુમ્મસમાં જ ઘેરાઈ જઈએ; કશું જ ન ભળાય.

ગામડામાં જતા હો તો ઘઉંના ખેતરો જોવા જરૂર નીકળજો. ઘઉં શિયાળે થાય એ ખબર તો છે ને? તમને ચોપડી ભણનારને એની ખબર નથી હોતી. ઘઉંના લીલાંછમ ખેતરો જોઈ તમારી આંખને ટાઢક વળશે. ઘઉંની વચ્ચે પીળાં પીળાં ફૂલવાળા છોડને તમે ક્યાંથી ઓળખો? એ રાઈના છોડ છે. રાઈના છોડે પીળાં ફૂલ આવે છે. છોડ બહુ સુંદર લાગે છે. લીલી હરિયાળી વચ્ચે પીળો ગુચ્છ કેટલો બધો ખીલી ઊઠે છે! બંગાળમાં તો રાઈનાં ખેતરો હોય છે. એટલે તો આખું ખેતર પીળા ગાલીચાથી બિછાવેલું હોય એવું લાગે. એટલું બધું સુંદર કે વાત ન કરો!

આપણા કાઠિયાવાડના ભાલમાં ઘઉં બહુ થાય છે. અત્યારે ભાલ આખો લીલોછમ હશે. ઉનાળે ત્યાં જઈ જુઓ તો આખી ધરતી ધખધખતી હોય; એકે ઝાંખરું ન મળે. માત્ર ઝાંઝવાનાં જળ દેખાય ને આપણે છેતરાઈએ. પંજાબમાં પણ અત્યારે ઘઉં ઊગ્યા હશે.

ઠીક ત્યારે, આ કાગળ જરા લાંબો થઈ ગયો. હવે વખત મળે લખીશ.

લિ. તમારા

**ગિજુભાઈ**ના આશીર્વાદ

# ઋતુના રંગ : ૪ :

**ભાવનગર.**

**તા. ૧૨ - ૨ - ૩૬**

વહાલાં બાળકો !

હજી શિયાળો ચાલે છે. એમ એ કાંઈ ઝટ નહિ જાય. ટાઢ હોળી તાપીને જશે, અને જતાં જતાં પૂછડું પછાડશે. તે વખતે છેલ્લી વારની ઠંડી પડી જશે.

હા, હમણાં જરા ગરમ હવા થઈ છે. ગિજુભાઈએ ગરમ બંડી કાઢી નાખી છે. ગિજુભાઈને ટાઢ બહુ વાય છે; જ્યારે ગિજુભાઈ બંડી કાઢી નાખે ત્યારે સમજવું કે હવે ઉનાળો નજીક છે.

પણ હજી શિયાળાનો વા વારંવાર વાય છે. શિયાળુ પંખીઓ હજી અહીં છે. શિયાળો ગાળવા આવેલું થરથરા હજી એક થાંભલેથી બીજે થાંભલે બેસે છે, અને જરા નીચે બેસી પાછું ઊંચું થઈ ઊડી જાય છે. પેટ અને નીચલો ભાગ ઈંટ જેવો લાલ અને ઉપલો કાળો, એવો એનો રંગ છે; જરાક નિરાંતે જોશો તો તુરત તે ઓળખાશે. તે ઝટઝટ ઊડી જાય છે, એટલે તમને નિરાંતે જોવા તો નહિ જ દે.

વારુ, હવે થોડીક ગરમીની શરૂઆત થઈ છે, એટલે ટુકટુક દેખાવા લાગ્યું છે. આપણા વાળાના થાંભલે તે બેઠેલું દેખાશે. થાંભલામાં હવે તે પોતાની ચાંચે ગોળ ઊભો ખાડો પાડશે, અને આગળ ઉપર તેમાં તે પોતાના માળા મૂકશે. ટુકટુક પોતાનો માળો બાંધતું નથી, પણ લાકડામાં ખોદી કાઢે છે.

ટુકટુક રૂપાળું પક્ષી છે. તેની ચાંચનો ઉપરનો ભાગ લાલ રંગનો છે, અને પીછાં લીલા રંગનાં છે; તેને જોવું ગમે તેવું છે.

હવે જેમ ગરમી વધતી જશે તેમ તેમ ટુકટુક બોલશે. પોતાનું ડોકું એક વાર જમણી બાજુ અને બીજી વાર ડાબી બાજુ હલાવશે, અને દરેક વખતે તે ટુક.....ટુક બોલશે. આપણે અજાણ્યા હોઈએ તો આપણને લાગે કે આમ કોણ કરતું હશે? કોઈને પક્ષીનો વહેમ તો જાય જ નહિ. જ્યારે બરાબર ગરમી પડશે ત્યારે તેનો એવો અવાજ આવશે કે જાણે કોઈ લુહાર ઠામ ઘડે છે. ટણિંગ ટણિંગ એવો અવાજ આવશે. એટલે તો કેટલાક એને લુહારીડો કહે છે. અંગ્રેજીમાં તેને કોપરસ્મીથ કહે છે.

વારુ, હવે શિયાળો ઊતરશે એટલે ગરીબ લોકો રાજી થશે. હાથેપગે ચડી ગયેલો મેલ એની મેળાએ મેળાએ ઊખડશે. એવી કહેવત છે કે " ફાગણે કુવડનો ય મેલ જાય. "

હમણાં જામફળ-જમરૂખ સુંદર આવે છે. જામફળ ધોળાં અને રાતાં બે જાતનાં થાય છે. તમને કઈ જાતનાં ભાવે છે? મને તો બન્ને જાતનાં ભાવે છે. શિયાળાનું બીજું ફળ બોર છે. એ તો તમે ધરાઈને ખાતાં હશો. આપણે એક વાર બાલમંદિરમાં ગાજર અને બોર આણ્યાં હતાં, ખરું? ગાજર ફળ નથી પણ કંદમૂળ છે. ગાજર ખવાય, હો! ગાજરમાં વિટામીન છે. અમે નાના હતા ત્યારે ગાજર બહુ ખાતા. કરડ કરડ ખાધે જ રાખતા. એનો વચલો ભાગ ન ખાતા; એ કડવા જેવો લાગે. ગાજર ખાઓ, મૂળા ખાઓ, રીંગણાં ને પાપડી ખાઓ; આ બધાં શિયાળુ શાક ખાઓ. ચણા-રીંગણાંનું શાક પણ ખાશો જ ખાશો.

બાકી તમારે ત્યાં અડદિયો, ગડદિયો, ગૂંદરિયો, બૂંદરિયો, એવા પાક કર્યા હોય તો તે પણ ખાઓ; બદામપાક ને સાલમપાક ખાઓ. ગરીબનાં છોકરાં રોટલા ખાય, તમે પાક ખાઓ.

આ તો શિયાળો છે; હવે ઉનાળો આવશે. તે વખતે દાઢી ડગડગાવે એવી ટાઢ કેવી હતી તે પણ તમે ભૂલી જશો. તે વખતે કહેશો કે શિયાળો કેવો હતો? વારંવાર શિયાળો આવશે ને વારંવાર પાછું તમે ભૂલી જશો. એમ છે, ત્યારે! એ જ.

લિ. તમારો

**ગિજુભાઈ**

# ઋતુના રંગ : ૫ :

**ભાવનગર.**

**તા. ૧૯ - ૨ - ૩૬**

વહાલાં બાળકો !

કાં, આજકાલ શિયાળો છે કે ઉનાળો ? હમણાં ઋતુ બહુ વિચિત્ર છે. સવારે ધુમ્મસ જેવું હોય છે; સૂર્ય લાલ ચોખ્ખો નથી ઊગતો. બપોરે વળી માથું તપે એવો તાપ પડે છે, અને રાતે (આજે તો) પવન સખત ફૂંકાય છે ને ઠંડી લાગે છે. આ ઋતુ એટલે બધા કહે છે કે ઋતુની સંધિ. નહિ શિયાળાની કોરી ઠંડી, નહિ ઉનાળાની કડક ગરમી. હમણાં તો હવામાં ઠંડીને બદલે ભેજ છે, અને ચોખ્ખા તડકાને બદલે વચ્ચે વચ્ચે વાદળિયો તડકો નીકળે છે. આમાં રોગચાળો બહુ ચાલે. શીળી, ઓરી, કફ, ઇન્ફ્લ્યુએન્ઝા, શરદી, બધા રોગો આવે વખતે નીકળે.

આજ તો બાળકોને પણ બરાબર ન ગમ્યું. બહાર ગરમી લાગી એટલે અંદર ઓરડામાં આવી કામે લાગ્યાં; વળી અંદર ઠંડી લાગી એટલે પાછાં અખાડામાં તડકે આવ્યાં. બાળકોને ઋતુઓના ફેરફારની બહુ સારી રીતે ખબર પડે છે. જ્યારે તડકો પડે ત્યારે બધાં બાળકો સંગીતના ઓરડામાં હોય છે, અને ઠંડી પડે ત્યારે લગભગ આખો ઓરડો ખાલી હોય છે. એમ તો પક્ષીઓને, પશુઓને, સૌને હવાના ફેરફારની ખબર તો પડે જ; પણ ખાસ કરીને પક્ષીઓને એની બહુ ખબર પડે છે. તેઓ ગાય, નાચે, માળા કરે, ઈંડાં મૂકે, એ ઉપરથી આપણે જાણી શકીએ કે હમણાં કઈ ઋતુ છે.

આ શિયાળો ઊતરવા આવ્યો ને વસંત બેઠી એટલે પક્ષીઓ વધારે લહેરમાં આવ્યાં છે. સક્કરખોરાના રંગો એટલા તો સુંદર થાય છે, કે બસ ! અને ઝીણી ઝીણી ઘૂઘરીઓ વગાડતો હોય એવું ગળું વગાડે છે, અને લળી લળીને ફૂલોમાંથી રસ ચૂસે છે. એની મસ્તી અને રંગબદલી ઋતુની અસરને કારણે છે.

આંબે મોર બેઠા છે, અને કોયલને ગળે ગાન પણ ફૂટવા લાગ્યાં છે. હવે આખો ઉનાળો કોયલ કુહુ કુહુ કુહુ કુહુ કર્યા કરશે. હમણાં પાછું ટુકટુક જરા સંતાઈ ગયું છે; એનો અવાજ આવતો નથી. હમણાં હવા પાછી ઠંડી થઈ ગઈ છે એ એનું કારણ છે. ટુકટુકને ઉનાળો પ્રિય.

વળી જુઓ પેલો ખાખરો જોયો? ખાખરો એટલે કેસૂડો. ખાખરાને બંગાળીમાં પલાશ કહે છે. જુઓ છો એનાં ફૂલો? દૂરથી કેવાં સુંદર લાગે છે? એક કવિએ એને વનની અગ્નિજ્વાળા કહેલ છે. સાચે જ એ કેવાં લાલચોળ છે! અગ્નિની જ્વાળા જેવાં? આ કેસૂડાંને લોકો સૂકવે છે. એનું કેસરી લાલ પાણી કરી લોકો હુતાશનીમાં સામસામે ઉડાડે છે. કેસૂડાનું પાણી બહુ સુંદર દેખાય છે. ઉનાળાની જ્યારે લૂ વાશે ત્યારે નાનાં બાળકોને એની માતાઓ કેસૂડાંના પાણીએ નવડાવશે.

હવે તમે નજરે જોઈ શકો છો કે લોકોએ શાલ-દુશાલા બાજુએ મૂક્યા છે; ગરમ બંડીઓ અને ગરમ ફરાકો હવે થોડાં દેખાય છે. હવે તમે પણ ગરમ કપડાં પહેરવાનું છોડી દીધું હશે, અને હવે શગડીએ તાપતાં પણ નહિ હો.

તમે જરા ધ્યાન રાખી પવનની લહરીઓને અનુભવજો. હવે સૂસવતા વાયરા નથી વાતા; હવે હળવી હળવી જરા જરા મીઠી મંદ પવનની લહરી આવવા લાગી છે. થોડે દહાડે આ લહરીઓમાં ખૂબ મીઠાશ આવશે. પછી ઉનાળો જામશે ને પછી લૂ પણ વાશે; પણ એને હજી વાર છે.

વળી આ આંબે મોર પણ બેઠો દેખાય છે. હજી જોકે શરૂઆત છે, પણ એ ઊતરતો શિયાળો ને બેસતી વસંત બતાવે છે. હવે કોયલ આસ્તેથી ટહુકવા લાગી છે, ખરું?

હવે લોકોનું ધમધમ કામ કરવાનું જોર નરમ પડશે. હવે કામ કરતાં થાક લાગશે અને બગાસાં આવશે. હવે દિવસ ટૂંકો મટી લાંબો થવા લાગ્યો છે. જુઓ ને, પહેલાં તો પાંચ સાડાપાંચે અંધારું થઈ જતું; હવે તો ૬-૩૦ સુધી દિવસ રહે છે અને સાત સુધી અજવાળું રહે છે. સૂરજ ઊગે છે પણ વહેલો. એમ છે, સમજ્યાં? હવે શિયાળો જવા લાગ્યો છે ને ઉનાળો આવવા લાગ્યો છે. પણ હજી પૂરા ઉનાળાને વાર છે. હજી માટલાનાં પાણી વગર

ઠારે ઠંડાં છે; હજી પાછલી રાતે ગોદડાં ઓઢવાં પડે છે. હજી ઘામનું તો નામનિશાને નથી દેખાતું.

વારુ ત્યારે રામરામ !

લિ. તમારો

**ગિજુભાઈ**

# ઋતુના રંગ : ૬ :

**ભાવનગર.**

**તા. ૨૫ - ૨ - ૩૬**

વહાલાં બાળકો !

હવે મારાથી એમ નહિ કહી શકાય કે અત્યારે કડકડતો શિયાળો છે. હવે વસંત અને પાનખર ભેળાં ભેળાં ડગલાં માંડવા લાગ્યાં છે. પાનખર લીમડાનાં, પીંપરનાં, બૂચનાં અને ઉમરાનાં પાંદડાં ખેરી રહી છે; વસંતે કુમળાં કુમળાં પાંદડાં લીમડા ઉપર અને ઊમરા ઉપર આણી દીધાં છે. સૂર્યના તાપમાં લીમડાની ટસરો ચળકે છે ત્યારે સુંદર લાગે છે. થોડા વખતમાં લીમડાનાં બધાંય પાન ખરી જશે, અને આખો લીમડો નવે પાન આવશે. પછી લીમડો ઉનાળાની ઊની હવામાં યે લીલી લીલી લહેરો લેશે.

જુઓ, હવે પાકો ઉનાળો જરા દૂરદૂરથી દેખાવા લાગ્યો છે. મોગરો ઉનાળે મહેકી ઊઠશે. અત્યાર સુધી એ જાણે કે સૂતો હતો. જેમ શેળો, દેડકાં, વગેરે જનાવરો શિયાળો આખો ઊંઘે છે એમ મોગરો પણ ઊંઘતો હશે એમ લાગે છે. પાણી પાનારા પાણી પાઈ પાઈ મોગરાનો ક્યારો ભીનો ને ભીનો રાખતા; પણ આખા શિયાળામાં મોગરાએ પાંદડાં અને ડાળીઓ કાઢી જ નહિ. આ અઠવાડિયે તેણે નવાં પાન કાઢવા માંડ્યાં છે. હવે થોડા વખતમાં તે પાંદડાંથી ઢંકાશે, અને પછી પાંદડે પાંદડે કળીઓ બેસશે.

વસંતની શરુઆત થઈ છે એટલે ઝીણી ઝીણી પાંખાળી જીવાત પણ થઈ છે; હવે પતંગિયાં પણ થશે. આ હવામાં ઊડતી જીવાત ખાવાને નાના નીલકંઠો ઠીક દેખાય છે. જરાક ઊભા રહીને જોઈએ તો તરત ખબર પડે કે નાના નીલકંઠો ઊડી ઊડીને હવામાંથી કંઈક પકડે છે.

હવે સાપો નીકળવા માંડશે, શેળા પણ નીકળશે. અત્યાર સુધી તેઓ દરમાં ભરાઈને સૂતા હતા. શિયાળામાં સાપ, શેળાઓ અને એવાં બીજાંઓ દરમાં પેસીને નિરાંતે ઊંઘે છે. ટાઢ વાતી હશે એટલે બહાર જ ન નીકળે. હવે જરા ગરમી થવા લાગી છે એટલે શિકાર

કરવા નીકળશે. ભારે ખૂબીની વાત છે કે આ જીવો શિયાળામાં ખાધાપીધા વિના કેટલો ય વખત સૂઈ રહે છે. અલબત્ત, તેઓ જરા જરા પાતળા તો પડે છે જ.

હવે આઠદસ દહાડામાં હુતાશની આવશે. હુતાશની એટલે હોળી. હોળી તાપીને ટાઢ છેવટની જશે. મને લાગે છે કે હજી થોડીક ટાઢ પડશે. ગામડામાં તો અત્યારથી છોકરાઓ છાણાંલાકડાં શોધવા માંડ્યા હશે. પણ હમણાં હોળી વિષે વધારે નહિ લખું; એને એક વાર આવવા દ્યો.

શિયાળુ-ઉનાળુ વિલાયતી ફૂલોમાં સોનસળીનાં ફૂલો હમણાં સરસ ઊઘડે છે. ફૂલદાનીની અને બાગની એ શોભા છે. તગરને ફૂંપળો ફૂટવા લાગી છે; એકબે એકબે ફૂલો પણ આવે છે. ગુલાબ હજી એવો ને એવો લાલ ને સુગંધી ઊઘડે છે. હવે ધીમે ધીમે જૂઈ જામશે.

મધમાખીઓ તો બારે માસ જાણે કામમાં છે. અત્યારે પણ જ્યાં ત્યાંથી ફૂલો શોધે છે, અને તેમાંથી મધ ખાય છે અને મધપૂડો પણ બનાવે છે. મધમાખીઓએ હમણાં જ એક બાલદીમાં નાનો મધપૂડો બનાવ્યો હતો.

હવે પૂરેપૂરાં કાળાંબોજ રીંગણાં ઊલળી જશે. ગામડાનાં શાકો ઓછાં થશે અને ઉનાળે તો મળશે જ નહિ. શહેરમાં તો ઠીક છે, જે તે મળ્યા જ કરે છે.

વારુ ત્યારે; આજે જરા ઉતાવળ છે એટલે વિશેષ હવે પછી.

લિ. તમારા

**ગિજુભાઈ**ના આશીર્વાદ

# ઋતુના રંગ : ૭ :

**ભાવનગર.**

**તા. ૪-૩-૩૬**

વહાલાં બાળકો !

કાં, હમણાં ઉનાળો છે કે શિયાળો ? મેં નહોતું કહ્યું કે ટાઢ પૂછડું પછાડીને જશે, હોળી તાપીને જશે ? જુઓ ટાઢ ફરી આવી કે નહિ ? આજકાલ કેવો ઠંડો પવન વાય છે ? જાણે શિયાળો ફરી વાર જોરમાં આવ્યો. પણ હવે આવું વધારે વખત નહિ રહે. આ ઝપાટો છેલ્લો છે.

હવે પેલો ખાખરો ખૂબ ખીલ્યો છે. આજે તો કેસૂડાની બે ડાળીઓ બાલમંદિરમાં આણી છે, અને તેને એક ઘડામાં મૂકી સુંદર ફૂલદાન બનાવ્યું છે. જોયો આ કેસૂડાનાં ફૂલોનો રંગ ? કેવો મજાનો કેસરી લાલચટક છે ! ફૂલોનો આકાર પોપટની ચાંચ જેવો છે એ તમે જોયું છે ? તમે સહુ જ્યાં હો ત્યાં ઉનાળે કેસૂડાંને સંભારજો. એને ખાખરાનાં ફૂલો કહેશો તોપણ ચાલશે. ખાખરાનું બીજું નામ પલાશ છે.

હમણાં ભૂરવા વાય છે. ઘઉં ડૂંડીએ આવી ગયા પછી દાણો સૂકવી નાખવા માટે ભૂરવા કામનો છે. કુદરત ગણ કેવી છે ? જ્યારે જેવા તડકા, હવા, પાણી જોઈએ ત્યારે તેવાં મોકલી આપે. આ ભૂરવા કડક છે. જમીન બધી સુકાઈ જાય અને તેમાં તડિયાં પડે; ઝાડને ગમે તેટલું પાણી પાઈએ તોપણ તેને જાણે પાણી નથી પાયું તેવું દેખાય. અને આપણી ચામડી પણ સૂકી પડી જાય છે. આ ભૂરવા બરાબર વાશે એટલે પાનખર શરૂ. તડતડ ઝાડ ઉપરથી પાંદડાં પડવા જ માંડશે. સડકો ઉપર, બાગમાં જ્યાં ત્યાં સૂકાં પાંદડાં ખરવા લાગશે અને બીજી બાજુથી નવાં પાંદડાં ડોકિયાં કરશે. આપણામાં એક નાની એવી બે લીટીની કહેવત અથવા કવિતા છે :

**પીંપળપાન ખરંતાં,**
**હસતી કૂંપળીઆ;**
**અમ વીતી તમ વીતશે,**
**ધીરી બાપુડીઆ.**

પેલાં પીપળાનાં ઘરડાં પાન તડ તડ નીચે પડતાં હતાં, તે જોઈને નવાં આવતાં પાંદડાં હસવા લાગ્યાં. ત્યારે પેલાં બુઢ્ઢાં પાંદડાંએ કહ્યું : "બાપુ ! હસો નહિ. જેમ અમારો વારો આવ્યો તેમ તમારો પણ આવશે. ધીરજ રાખો." અને એ તો કુદરતનો કાયદો છે, નવાં આવે અને જૂનાં જાય. એમ ન થાય તો પૃથ્વી ઉપર ઝાડપાન, જીવજંતુ, પશુપક્ષી, માણસો ક્યાંય માય નહિ. એ તો પાંદડાં ખરે તો જ ઝાડ વરસે વરસે નવું થાય.

પક્ષીઓમાં પણ એવું જ છે. એમાં વળી જૂનાં પીછાં કાઢી નાખવાનું આવે છે. પીછાં એની મેળાએ ખરી જાય ને નવાં આવે. જૂનાં પીછાં જતાં રહે ને નવાં પીછાં આવે એટલે દર વર્ષે પક્ષી પણ નવું ને તાજું થાય છે. કેટલાંક ઝાડનાં પાંદડાં જેમ એકીસાથે ખરી જાય છે તેમ પક્ષીનાં પીછાં એકીસાથે ખરી પડતાં નથી. જૂનું પીછું ધીરે ધીરે નીકળતું જાય છે ને તેની પાછળ નવું પીછું આવતું જાય છે. આવી રીતે જ્યારે પક્ષીનાં પીછાંની પીછાંખર ઋતુ આવે છે ત્યારે પક્ષીઓ સાવ ભૂંડાં ભૂખ જેવાં દેખાય છે. ઝાડ તો પાંદડાં વિના કેવાં દેખાય છે એ જોયું છે ને ? આવે વખતે પક્ષીઓ ગાતાં નથી; મોટે ભાગે ઈંડાં પણ નથી મૂકતાં; કેટલાંક પક્ષીઓ તો બહાર પણ નથી નીકળતાં ! એવાં ભૂંડાંભૂખ શરીરે બહાર નીકળવું એમને નહિ ગમતું હોય. એમ તો પક્ષીઓ આપણી જેમ ફેશનેબલ અને સમજવાળાં લાગે છે. અલબત્ત, વર્ષમાં બે વાર પક્ષીઓનાં પીછાં નવાં આવે છે પણ તેની બહુ ચોક્કસ ઋતુ નથી જણાતી. વળી ઝાડનાં પાન એક સાથે ખરે છે તેમ પીછાંનું નથી બનતું. એ તો એક પછી એક ખરે, અને એક પછી એક આવે. એમ ન થાય તો પછી પક્ષી ઊડે જ શી રીતે ?

તમે એમ ન ધારતાં કે ઝાડનાં પાન અને પક્ષીનાં પીછાંને જ ખરવાની ઋતુ આવે છે. સાપ કાંચળી કાઢે છે એ શું છે ? બધાં ય પેટે ચાલતાં પ્રાણીઓ પોતાની ચામડી વર્ષમાં એક વાર ઉતારે છે; એનું નામ આપણે કાંચળી ઉતારવી એમ કહી શકીએ. ઝાડની પાનખર, પક્ષીઓની પીછાંખર, અને સાપ વગેરેની ચામડીખર ઋતુઓ કુદરતે વારેવારે તેમને નવાં થવા માટે ગોઠવી છે. કુદરતની અદ્ભુતતા સમજ્યાં ?

* * *

આ કાગળ લખતો હતો ત્યારે ઠંડી હતી. અત્યારે ચાર વાગે ગરમી થાય છે. હમણાં આવું બધું ઠેકાણા વગરનું છે. સવારે થરમૉમિટરમાં ગરમી ૬૦-૬૫ ડિગ્રી થાય છે, અત્યારે ૮૮-૯૦ છે; એટલે જ આ ઋતુ માંદગીને વધારે. ઘડીકમાં એકદમ ઠંડી અને ઘડીકમાં એકદમ ગરમી માણસને શરદીના રોગો કરી નાખે છે. ત્રિદોષ-કફના ઘણા કેસો આ ઋતુમાં જ થાય છે.

હવે તો હુતાશની આવી. ચાલો ત્યારે ફાફડા-સુંવાળી ખાવા માટે તૈયાર થાઓ; ખજૂર, દાળિયા ને ધાણી પેટ ભરીને ઉડાવો. ગામમાં અરબસ્તાનમાંથી ખજૂરના સેંકડો વાડિયાં આવ્યાં છે. તમે બધાં તો કે દિવસનાં ખાવા મંડ્યાં હશો; જરા ઘી સાથે ખજૂર ખાજો એટલે ભારે ન પડે.

જોજો, તમને શિખામણ આપવાનું મન થઈ જાય છે. પેલાં શેરીનાં છોકરાં ભૂંડાં બોલે તેમાં તમે ભળશો નહિ. એ તો સારું નહિ, ભાઈ! આ શિખામણ સારી છે માટે આપું છું. તમે કહો ને, હું વારે વારે શિખામણો આપું છું? હા, બાકી તમને ગમે તો એકબીજા પર સારો રંગ છાંટજો; પણ કચરો છાંટશો નહિ. છતાં એક વાત અહીં પણ ભૂલશો નહિ; રસ્તે જતા માણસો ઉપર આપણાથી રંગ ન નખાય, અને ગોઠ ન મગાય. એ રિવાજ હવે સારો નથી. અને હુતાશની માટે કોઈનાં છાણાં ચોરવાનાં નહિ, બાપુ! એવી ચોરીને કરેલી હુતાશની ભૂંડીભૂખ લાગે. આવતા શનિવારે તા. ૭-૩-૩૬ના રોજ હુતાશની છે. વારુ ત્યારે, અત્યારે તો રામરામ!

લિ. તમારા **શુભેચ્છક**

**ગિજુભાઈ**ના જયભારત.

# ઋતુના રંગ : ૮ :

**ભાવનગર.**

**તા. ૧૧ - ૩ - ૩૬**

વહાલાં બાળકો !

લ્યો, આજે તો હું પાકેપાકાં વસંતનાં વધામણાં આપું છું. જુઓ, બાલમંદિરમાંથી બહાર નીકળો અને નજર તો નાખો? જુઓ, આ આપણા આંબાને મોર આવ્યો છે. ગોપાળભાઈના આંબાને, નાનાભાઈના આંબાને, મસ્તરામભાઈના આંબાને ઢગલેઢગલા મોર આવવા માંડ્યા છે. થોડા વખતમાં આંબા મોરે લચી પડશે. આ લીમડો જુઓ, આ પીપર જુઓ, આ આપણાં બધાં ઝાડ જુઓ; કેવાં કૂંપળ ફૂટ્યાં છે ! ઝાડે ઝાડે કૂંપળ ફૂટ્યાં છે અને પક્ષીના કંઠે કંઠે ગાન ફૂટ્યાં છે. સક્કરખોરો ગળાની ઘૂઘરી વગાડતો ધરાતો નથી. દરજીડો ટ્વી ટ્વી કરીને આ લીમડા-પીંપરની ઘટાને ભરી દે છે; ટણિંગ ટણિંગ કરતું ટુકટુક ઘંટી ટાંકવા મંડી પડ્યું છે; કોયલનું કુહુ કુહુ પણ સંભળાવા માંડ્યું છે.

આ તો વસંત છે. પક્ષીઓ લહેરમાં આવી ગયાં છે. હોલાં ઘૂઘવે છે; કાબરો અને મેનાઓ નિરાંતે મધૂર કંઠે જાતજાતની બોલીઓ કરે છે; કબૂતરોએ છાપરાનાં નેવાં નીચે, ઘરના ગોખલામાં અને કૂવામાં બેસી ઘૂઘવાટ શરૂ કર્યો છે. વળી ચકલોચકલી માળો બાંધવાની ખટપટમાં પડ્યાં છે. આપણા કલામંદિરના ચોકની વાડમાં હોલીએ બે ઇંડાં મૂક્યાં છે; એમાંથી એક તો ફૂટ્યું પણ ખરું અને એમાંથી એક બચ્ચું નીકળ્યું છે; બીજામાંથી આજકાલ બીજું બચ્ચું નીકળશે. હવે ધીરે ધીરે બધાં પંખીઓ પોતાનાં ઇંડાં મૂકવા માંડશે.

હુતાશની ગઈ. ટાઢ તાપીને હવે ગઈ લાગે છે; છતાં જતાં જતાં નિસાસા નાખતી જાય છે. આજકાલ ઝાડને વીંઝી નાખે તેવો પવન નીકળ્યો છે. ટાઢને જવું ગમતું નથી અને ગયા વિના ચાલે તેમ નથી; એમ બેચાર માસ એક ઠેકાણે રહ્યા પછી જલદી પાછા જવું કેમ ગમે ?

હવે તો તડકો પડશે ને જમીન તપશે. જમીન તપશે એટલે ભેજ માત્ર ચાલ્યો જશે; અને જમીનમાં શક્તિ આવશે. હવે વસંતની રાતી પગલી પાછળ ધમધમતો ઉનાળો આવશે અને લૂ લૂ લૂ પાથરશે. પણ હજી એને વાર છે.

બાળી નાખે તેવો તડકો પડે તે પહેલાં પાંચ દિવસ હવાની મજા રહેશે. સવારે સૂરજ કેસરી રહેશે; સાંજે વાદળાં આછા રંગોભર્યાં રહેશે. હમણાં બાગે બાગે પતંગિયાં પાછળ નાના નીલકંઠ પણ પડશે; પતંગિયાનું જીવન જેટલું લાંબું એટલું ટૂંકું કરી નાખશે.

હમણાં કૂતરાંઓ બહુ હાંફતાં નથી; વસંતનો કુમળો તડકો ખાવા માટે તડકામાં જ પડ્યાં રહે છે.

આજકાલ લીમડાના થડની છાલ ફાટવા લાગી છે. લાગે છે કે એ ફાટીને ઊખડી જશે અને નીચેથી નવી છાલ આવશે. ઊમરાની ડાળીઓ ઉપરથી એની છાલ ભૂકો ભૂકો થઈને ખરવા લાગી છે; એની પાછળ લીલી નવી છાલ તગતગી રહી છે.

શિયાળો ગયો છે એટલે આળસુના પણ મેલ એની મેળાએ ઊખડવા લાગશે. કહેવત છે કે ફાગણ મહિને ફૂવડનો ય મેલ જાય, એ સાચું છે. જેના મેલ ફાગણે નહિ જાય તેના ચૈત્રે તો જશે જ; જેના ચૈત્રે મેલ ન જાય તે એક ડગલું આગળ : તે ફૂવડ નહિ ફૂવડો ! લ્યો ત્યારે વસંતના વા ખાતાં મજા કરો. આજે તો તમે ફરવા જાઓ છો, ખરું ? ત્યારે ચારે કોર વસંત જોજો.

લિ. તમારો શુભેચ્છક

**ગિજુભાઈ**

# ઋતુના રંગ : ૯ :

**ભાવનગર.**

**તા. ૧૮ - ૩ - ૩૬**

વહાલાં બાળકો !

તમે મારા અઠવાડિક પત્રની રાહ જોતાં જ હશો. આ વખતે એક દિવસ મોડું થાય છે તો માફ કરશો.

હું ધારતો હતો કે હુતાશની તાપીને ટાઢ જશે, પણ હજી તો એ ઊભી છે. એ તો જરાક ચાલે છે ને પાછી વળે છે; આખરે એ બેચાર વાર પૂછડાં પછાડશે ત્યારે જશે. હમણાં સવારે તો ૭૦ ° સુધી ગરમી જાય છે, બપોરે ૯૦ ° ની ઉપર જાય છે, મતલબ કે સવારમાં શિયાળાની અસર, બપોરે ખરો ઉનાળો અને સાંજે નહિ શિયાળો કે નહિ ઉનાળો, એવું છે. એકંદરે આ સમય મિશ્રઋતુનો કહેવાય.

જુઓ ને, તેથી હું સવારે ગરમ બંડી પહેરીને ફરું છું, ને બપોરે પહેરણ પણ કાઢી નાખવાનું મન થાય છે; અને પાછું અડધી રાતે ગોદડું ઓઢવું પડે છે. આ ઋતુમાં જ મચ્છરો પોતાનું સંગીત સારી રીતે ચલાવે છે. બહુ ઠંડી લાગે ત્યારે અને બહુ ગરમી લાગે ત્યારે મચ્છરો સંતાઈ જાય છે કે ઠરી જાય છે કે બળી જાય છે. આવી સંધિઋતુમાં જ રોગો પણ બહુ થાય છે. હમણાં કફના, શીતળાના, ને ઓરીના રોગના વાયુ બહુ છે. થોડા વખત પહેલાં ઢોરમાં શીતળાનો રોગ ફાટી નીકળ્યો હતો; ગામડાંનાં ઘણાં ઢોરો મરી ગયાં.

પાનખર-વસંતની પણ આ સંધિ છે. તમે ચારેકોર નજર નાખીને ચાલશો તો જોવાનું ઘણું મળશે. જુઓ જોઈએ, ગુલમહોરનું ઝાડ કેવું છે ? છે એના ઉપર એકે ય પાંદડું ? વિલાયતમાં બરફ પડે છે તે વખતે પાંદડાં વિનાનાં ઝાડ થઈ જાય છે, એવું જ છે ના ? ખરેખરી પાનખર એના શરીર પર દેખાય છે. એ ઝાડ વિલાયતી જેવું લાગે છે. આપણાં દેશી ઝાડોમાં સાવ આમ નથી થતું. દેશી ઝાડોમાં ઘણાં ખરાં ઝાડો એક બાજુ પાંદડાં પાડતાં જાય છે, ને બીજી બાજુ નવાં કાઢતાં જાય છે. જુઓ ને, પાંદડાં વિનાનાં ગુલમહોર કેવાં વરવાં લાગે છે ! પણ જ્યારે એ પાંદડે આવશે ત્યારે ? ત્યારે લેલૂર અને ઘેઘૂર થશે. તે દિવસે યાદ પણ નહિ આવે કે ગુલમહોર એક વાર આવું હતું !

હવે ગરમી વધી ને ગામમાં આઈસ્ક્રીમના સંચા વધારે ચાલવા માંડ્યા. આજે બાલમંદિરમાં આઈસ્ક્રીમ છે. તમને બાળકોને આઈસ્ક્રીમ બહુ ભાવે છે, ખરું? તમને આઈસ્ક્રીમ તો ભાવે છે, પણ બરફ પણ બહુ ભાવે છે. ગાંગડેગાંગડા ખાઈ જાઓ છો. કરડ કરડ ખાતી વખતે તમારા દાંત નથી દુઃખતા?

હવે ઉનાળો આવ્યો એટલે શરબત, આઈસ્ક્રીમ, કોલ્ડડ્રિંક, કુલ્ફીમલાઇ ને એવું એવું બધાં ખાશે. લોકોને પણ સુખ છે? શિયાળામાં પાક ખાવો, ઉનાળામાં ઠંડા મજાનાં પીણાં પીવાં, શીખંડ ખાવો ને મજા કરવી. આખો દિવસ ધંધોપાણી કરવો તે ખાવા જ માટે, કેમ જાણે!

કેટલાક શોખીન હવે પોતાના ગોળામાં કે કુંજામાં વાળો નાખશે. કેટલાક વળી વાળાની ટટ્ટી બારી આગળ બાંધશે, અને ઉપર પાણી છાંટી હવા ખાશે. કેટલાક માથે ભીનું કપડું મૂકશે અને આંટા મારશે, અને કેટલાક માથે કાળી માટી બાંધશે. ઉનાળો ચાલ્યો આવે છે. એના છડીદારો ચારેકોરથી એની ખબરો ક્યારના યે આપી રહ્યા છે. લીમડાને કોર બેઠો છે; કેરડાને ફૂલો આવ્યાં; આંબે મોર આવ્યો, નદીતળાવનાં જળ તપવા લાગ્યાં. આ બધાં ઉનાળાનાં વાજાં છે. ભલે આવે ઉનાળો; એનું યે કામ છે.

હમણાં તો સક્કરખોરાએ કાંઈ રૂપ કાઢ્યું છે! જાણે વર પરણવા ચાલ્યો. અને વાત પણ બરાબર છે. હવે આ ઉનાળામાં જ પક્ષીઓ રૂપાળાં થશે. ગાણાં ગાશે, ઇંડાં મૂકશે અને ચોમાસું આવશે ત્યાં તો નાનાં નાનાં બચ્ચાંનાં માબાપ થઈ જશે. સક્કરખોરાએ સડક ઉપર જાળીમાં રોપેલી પીંપરનાં પાંદડાંમાં પોતાનો માળો બાંધવાનું શરૂ કર્યું છે. નાનાં નાનાં ઝીણાં સુંવાંળાં પીછાં, દોરા, સૂતળી ને એવું એવું ભેળું થઈ ગયું છે. અરધો પોણો માળો પણ તૈયાર થઈ ગયો છે. ટ્વી....ટ્વી કરતો દરજીડો કાં તો આજકાલમાં લારમમાં કે કાં તો મોગરામાં માળો બાંધશે. દરજીડો એટલે દરજીડો; દરજી પેઠે એ પાંદડાં ભેગાં કરીને એ સાંધશે અને એનો નાનો એવો પડિયો બનાવશે; પછી એમાં પોતાનો માળો ગોઠવશે. દરેક પક્ષીનો માળો જુદી જુદી જાતનો હોય છે અને તેને બનાવવાની રીત પણ જુદી હોય છે અને તેને બનાવવાનાં સાધનો પણ જુદાં હોય છે. કાગડાનો માળો જોશો તો એમાંથી લોઢાના વાળા ને જાડાં લાકડાં નીકળશે; કબૂતરના માળાનું બરાબર ઠેકાણું જ નહિ; હોલીનો માળો જોશો તો તેમાં લીમડાની સળીઓ, નાળિયેરનાં છોલાં ને એવા ડૂચાફૂચા નીકળશે. સુગરીનો માળો જોઈને તો તમે અચંબો જ પામશો. ઘાસના તરણામાંથી એવો સુંદર બનાવ્યો હોય છે કે બસ! આ ઋતુમાં લગભગ બધાં પક્ષીઓ માળા બાંધે છેઃ કોઈ જમીન પર, કોઈ રેતીમાં, કોઈ ભીંતમાં, કોઈ ઝાડની ટોચે, કોઈ બારીમાં, કોઈ કૂવામાં, કોઈ બાવળે તો કોઈ થોરમાં; એમ જ્યાં સારી સગવડ મળશે ત્યાં

સહુ માળા બાંધશે. પોતાના દુશ્મનોથી બચવા માટે માળો એવી જગ્યાએ બાંધશે કે ત્યાં દુશ્મન ઝટ આવી શકશે નહિ. સુગરી બાવળના ઝાડે લટકતા માળા બાંધે છે; આપણે લેવા હોય તો ભારે મુશ્કેલી પડે. આપણા કમ્પાઉન્ડમાં પેલી હોલીએ થોરની વાડમાં પોતાનો માળો બાંધ્યો છે. થોરના કાંટામાં હાથ નાખવો કે કોઈ બીજા પક્ષીએ પેસવું સહેલું પડે એમ નથી. પક્ષીમાં પણ કુદરતી અક્કલ હોય છે.

બે પાંચ દહાડામાં ચૈત્ર મહિનો બેસશે. દક્ષિણમાં તો ચૈત્ર માસથી નવું વર્ષ શરૂ થાય છે. ચૈત્ર સુદિ એકમને ગુડી પડવો કહે છે. આપણા લોકોમાં પણ એનો મહિમા તો છે જ. તે દિવસે લોકો લીમડાનો કોર લાવશે, અને મીઠા સાથે મેળવીને ખાશે ને ખવરાવશે. તમને ખબર છે, લીમડાનો કોર બહુ ગુણકારી છે; છે કડવો પણ રોગને હાંકી કાઢે તેવો છે.

હજી કોર બેસતો આવે છે. પણ જયારે લીમડા કોરે ખીલી ઊઠશે ત્યારે રાતે એની સોડમ એવી તો મીઠી આવશે કે બસ. ગામડું આખું એ સોડમથી ધમકી ઊઠશે. લીમડાનો ટાઢો છાંયો, લીમડાના કોરની મીઠી સોડમ, ઠંડું પાણી અને કોયલનો ટહુકો : આ બધું ઉનાળાની વગર પૈસાની ઉજાણી છે.

હવે ઝાંઝવાનાં જળ દેખાશે. એ માટે ખરે બપોરે ગામ બહાર ખેતરોમાં જવું. દૂર દૂર જાણે સરોવર ભર્યું છે અને પાણી ડેકાં દે છે, એવું લાગશે. એમાં ઝાડના પડછાયા દેખાશે; પણ ખરી રીતે ત્યાં કાંઈ નહિ હોય. ઉનાળામાં સીમમાં ઝાંઝવાનાં જળ જોવાની મઝા આવે. કોઈ વાર ભાલમાં મુસાફરીએ જાઓ તો રસ્તામાં ધ્યાન રાખજો. એ ઉપરથી તો આપણામાં 'ઝાંઝવાનાં જળ જેવું' એવી કહેવત પડી છે. આવાં ખોટાં જળ જોઈને તરસ્યાં હરણો દોડાદોડ કરી મૂકે છે; જેમ દોડે છે તેમ ખોટાં જળ દૂર ને દૂર જ લાગે છે. આખરે બિચારાં થાકીને પડી જાય છે ! ઝાંઝવાનાં જળ એટલાં જૂઠાં જળ.

ઉનાળો આવવા દ્યો; આવું બધું કેટલું ય જોવા મળશે.

વારુ ત્યારે, હવે સલામ.

લિ. તમારા

**ગિજુભાઈ**ના આશીર્વાદ

# ઋતુના રંગ : ૧૦ :

બાલમંદિર : **ભાવનગર.**

**તા. ૧૩ - ૪ - ૩૬**

વહાલાં બાળકો !

અત્યારે બપોરના ત્રણ થયા છે. ગરમીમાપકમાં ૧૦૦ ડિગ્રી ગરમી દેખાય છે. હવા ગરમ છે. આકાશ વાદળાં વિનાનું છે અને તેજસ્વી સૂર્ય ચારેકોર તપી રહ્યો છે. અખાડાનાં રમવાનાં લોઢાનાં સાધનો તપીને ઊનાં થઈ ગયાં છે; અખાડાની રેતી તપી છે; રસ્તાની ધૂળ ઊની થઈ ગઈ છે. બાલમંદિરની ગેલેરીના છાંયામાં કાગડાઓ અને કાબરો ભેગાં થયાં છે. બારીની કમાનમાં કબૂતરો બેઠાંબેઠાં ઘૂઘવે છે. કાગડા કૉ કૉ કરીને ગરમીને વધારે કંટાળારૂપ બનાવે છે. બાલમંદિરમાં જ ભરાઈ બેઠેલાં કબૂતરોનો ઘુઘવાટ શાંતિમાં જ ભંગ પાડે છે. કાબરનું કચકચ જરા ય ગમે તેવું નથી. એ બિચારાં તડકાથી ત્રાસીને અહીં ભરાયાં છે; અત્યારે એમને ક્યાં ઊડાડી મૂકીએ ? ભલે રહ્યાં.

આ તડકામાં દાણાપીઠમાં મજૂરો દાણાની ગૂણો ઉપાડતા હાંફતા હશે; શેઠિયાઓ ગાદી ઉપર પડ્યા પડ્યા પંખો ને આઇસ્ક્રીમ ખાતા હાંફતા હશે, અને કૂતરાઓ લાંબી જીભે ક્યાંક ઠંડું જોઈને ભરાઈ બેસીને હાંફતાં હશે. આ તડકામાં રેલગાડીને દોડવાનું, છોકરાંઓને ભણવાનું, ખેડૂતને ખેડવાનું અને કંદોઈને ગાંઠિયા વણવાનું કામ તો ચાલુ જ છે. આ તડકામાં શેઠાણી પલંગમાં આડે પડખે, બિલાડી કોઠારમાં લાંબે ડિલે, ને ફકીર મસીદને ઓટલે નિરાંતે ઊંઘે છે. આ તડકામાં ભાતભાતના દેખાવો થઈ રહ્યા છે.

વારુ, પણ આ તડકાએ જ આપણને પાંદડાં વિનાના સાવ ઠૂંઠા જેવા ગુલમહોરને, જંગલે લૂંટાયેલા હોય એવા ઊમરાને, અને કોઈ દિવસ વસ્ત્ર ન દીઠું હોય એવી પીંપરને નવપલ્લિત કરેલાં છે; અને રાતે પોતાનાં ફૂલોની ગંધથી અવકાશને ભરી દેનાર મોગરો, જૂઈ, રાતરાણી, આ તડકાનાં જ ઋણી છે. આ તડકાને લીધે જ જમીન તપશે ને એ તપશ્ચર્યાને લીધે અવનવાં ધાન્ય અને અવનવી વનસ્પતિની તે માતા થશે. આ તડકો સાગરના જળને આકાશના પ્રવાસે લઈ જઈ વરસાદનાં વાદળાંમાં ભરી દેશે.

ઉનાળો ખીલવા લાગ્યો છે અને એની સાથે બ્રાહ્મણી મેનાના, કાબરના, કોયલના, કાળાકોશીના અને પક્ષી માત્રના કંઠ ખૂલી ગયા છે. પક્ષીના નરો ગાવા લાગ્યા છે ને નાચવા લાગ્યા છે; પક્ષીઓની માદાઓ નાચ અને ગાન જોવા અને ઝીલવા લાગી છે. નર માદાને રીઝવે છે; માદા માળો કરવા ને ઇંડાં મૂકવા રિઝાય છે.

ચકલો ને ચકલી, હોલો ને હોલી, સક્કરખોરો ને સક્કરખોરી, બધાં પક્ષીઓ બબેની જોડી થઈ ગયાં છે ને માળો બાંધવા મંડી પડ્યાં છે. કેટલાંકે તો માળા પૂરા પણ કરી દીધા છે. કોઈ કોઈને માળે બચ્ચાં પણ થઈ ગયાં છે અને બચ્ચાની મા અને બાપ બચ્ચાંને ભાતભાતની ઈયળો ને બીજુંત્રીજું ખવરાવી રહ્યાં છે.

આ આપણા જ આંગણામાં હોલીનું બચ્ચું યે થઈ ગયું; એના માળામાં એક ઇંડું પડેલું છે. એને એણે સેવ્યું લાગતું નથી. હું એને ઉપાડી લાવી સંગ્રહસ્થાનમાં મૂકવાનો વિચાર કરું છું. ગોપાળભાઈવાળી સડકે, સડકની બાજુએ પથરાઓ છે તેની વચ્ચે મૂઠી જાય એટલો ખાડો કે કાણું છે; એમાં દેવચકલીએ ઇંડાં મૂક્યાં હશે. ક્યારે મૂક્યાં એની ખબર મને નથી રહી; પરમ દિવસે બચુભાઈએ મને એ જગ્યા બતાવી. દૂરબીનથી મેં એનો માળો જોયો. ખાડામાં ઘાસ છે અને તેની ઉપર ઝાડનાં કૂણાં મૂળ, રેસાઓ, ઊન, વાળ, રૂ ને એવું એવું પાથરેલું છે. દેવચકલીના માળામાં એવું જ હોય છે. કોઈ વાર એ ક્યાંકથી સાપની કાંચળી પણ ઉપાડી લાવે છે. સુંવાળી મજાની સાપની કાંચળી! પણ એના બચ્ચાને હૂંફાળું ઘર અને પથારી જોઈએ ના? એ કાંઈ કાગડા જેવી ખડતલ નથી લાગતી. કાગડાના માળામાં તો લોઢાના સળિયા ને લાકડાનાં ડાંખળાં ને એવું એવું હોય; ને પાથરણા માટે બહુ બહુ તો નારિયેળનાં છાલાં ને એવું હોય.

આ દેવચકલીના સુંદર માળામાં મેં દૂરબીનથી એક બચ્ચું જોયું. સડકની ઊભી બાજુના કાણામાં એટલું બધું અજવાળું નથી, તો પણ બચ્ચું દેખાતું હતું. બચ્ચું મોઢું ફાડીને બેઠું હતું; તેનું મોં અંદરથી લાલ લાલ હતું. દેવચકલો ને દેવચકલી ક્યાંઇક ખાવાનું શોધવા ગયાં હતાં. હું થોડી વાર થોભ્યો ત્યાં તો ક્યાંકથી ઊડતી દેવચકલી આવી ને બચ્ચાના મોઢામાં કાંઈક મૂકી ગઈ; એકાદ બે જીવડાં કે ઇયળ હશે. પછી તો સાંજ પડી એટલે દેખાતું બંધ થયું, અને દેવચકલી માળામાં જઈને બચ્ચા સાથે બેસી ગઈ.

વળી બાજુમાં જ એક પીંપર છે; એની ફરતું પાંજરું છે. પીંપર હજી નાની છે, એને ઉછેરીને મોટી કરવા ફરતું પાંજરું મૂકેલું છે. આ પીંપરની એક ડાળી ઉપર એક માળો લટકે છે. પક્ષીઓની કાંઈ ખૂબી છે ! કાગડો ઊંચા ઝાડની ઊંચી ડાળે માળો બાંધે; હોલી કાં તો થોરના કાંટાની વચ્ચે, કાં તો મેંદી વચ્ચે ને એવે ઠેકાણે માળો બાંધે; ચકલીબાઈ તો જ્યાં આવે ત્યાં માળો બાંધે; છબી પાછળ, ગોખલામાં, કબાટ ઉપર, ઘરની ભીંતે કાણામાં ને ખાડામાં ! કબૂતર પણ એમ જ કૂવામાં, મસીદમાં ને એવે ઠેકાણે બાંધે. નાનો નીલકંઠ ભીંતોમાં એક-દોઢ ફૂટના પોતે કરેલા દરમાં, ટુકટુક વળી પોતે જ લાકડાના થાંભલામાં કોરેલા ઊંડા ઊંડા કાણામાં, દેવચકલી વળી જમીનમાં, દીવાલમાં, મકાનમાં અથવા જ્યાં કાણાં હોય ત્યાં, દરજીડો વળી નામ પ્રમાણે ગુણવાળો ચાંચે ચાંચે બે પાંદડાં સીવીને ખોઈ જેવું બનાવીને તેમાં, અને સક્કરખોરો વળી કોઈ ઝાડની ડાળે લટકતો પોતાનો માળો બાંધે છે. સુગરી પોતાનો માળો ક્યાં બાંધે છે એ તો તમે જાણતા હશો. પક્ષીઓ પણ માણસોની જેમ જુદે જુદે ઠેકાણે ને જાતજાતની રીતે ને જાતજાતનાં સાધનો વડે પોતાના બંગલા બાંધે છે.

તે સાંજે અમે સક્કરખોરાનો પીંપરની ડાળે લટકતો માળો જોયો. માળો અસલ જમરૂખના આકારનો છે, એટલે કે લંબગોળાકાર છે. નાની એવી કોથળી કાંઈક ભરીને લટકાવી હોય એમ આપણને દૂરથી લાગે. આ માળો શાનો બનાવ્યો હશે ? એને વીંખીને તપાસીએ તો ખબર પડે. પણ એમાં તો બચ્ચું હતું એટલે કેમ વીંખાય ? પણ મને ખબર છે કે સક્કરખોરા શાનો માળો બનાવે છે. એ લોકો પોતાનો માળો વાળ, ઝીણું કૂણું ઘાસ, પાતળી નાની ઝાડની સળીઓ, સૂકાં પાંદડાં, રૂ, છાલના કકડા, ફોતરાં અને ચીંથરાંનો બનાવે છે. આ માળો તો સીધો ડાળી ઉપર જ ચોંટાડેલો હતો. કોઈ કોઈ માળા ડાળી ઉપર એક નાની એવી દોરડીથી લટકતા હોય છે. એ દોરડી ઉપર કહ્યાં તેવાં ચીંથરા-બીંથરાની જ બનાવેલી હોય છે. પક્ષીઓના અભ્યાસીઓ કહે છે કે સક્કરખોરા આ બધું કરોળિયાનાં પડોથી ચોંટાડે છે, એટલે બધું ચોંટેલું અને ભેળું રહે છે.

મેં દૂરબીનથી જોયું તો માળામાં એક નાનું એવું બચ્ચું હતું. પણ આવી કોથળીમાં રહેતું બચ્ચું શી રીતે ઓળખાયું હશે, કહો જોઈએ ? જુઓ, એ માળાની એક બાજુએ અંગૂઠાની જાડાઈ જેટલું એક ગોળ કાણું હતું : જેમ કોઠીને કાણું હોય છે એમ. એ કાણાના મોં આગળ એક બચ્ચું બેઠું હતું, અને એ પણ માની અને ખાવાનાની રાહ મોં ફાડીને જોતું હતું. નાના બચ્ચાને બીજું કામ શું ? ખાવું ને ઊંઘવું. નાનાં બાળકોને જ્યારે ભૂખ લાગે

ત્યારે ઉંવાઉં ઉંવાઉં કરીને રડે છે, તેમ જ આ બચ્ચાને ભૂખ લાગે ત્યારે ચીં ચીં કરી ચિચિયારી કરી મૂકે છે.

હું માળો જોતો હતો ત્યાં સક્કરખોરી આવી ને ખાવાનું લાવી. માળાની બહારની કોરે પગ ભરાવી લટકી રહી ને બચ્ચાને ખવરાવ્યું. પછી તો તે હળવેથી અંદર ગઈ ને નિરાંતે બેઠી. સાંજ પડવા આવી હતી એટલે માદીકરાને ઊંઘવું હશે !

એક ભીંતમાં બેચાર દરો છે, ને એમાં નાના નીલકંઠનાં ઇંડાં લાગે છે. પણ એ તો ભીંત ખોદીએ અને એનાં ઘર પાડી નાખીએ ત્યારે થાય. એમ એનાં ઇંડાં જોવા માટે એનાં ઘરનાં ઘર કોણ ભાંગે ?

હમણાં ઇંડાં મૂકવાની અને બચ્ચાં ઉછેરવાની ઋતુ છે. પક્ષીઓ બધાં બહુ કામમાં છે, ત્યારે ભેંસોને ગારામાં કે પાણીમાં પડી રહેવું બહુ ગમે છે. ગધેડાને એકાદ વંડીના છાંયામાં ઊભા ઊભા ભૂંકવું ગમે છે, ને માણસોને ગરમી ગરમી કહીને હાથે કરીને હેરાન થવું ગમે છે. પણ માણસોની વાત ન્યારી છે.

ગમે તેમ હોય પણ ઉનાળામાં હાથપગ ન ફાટે, મેલ ન ચડે, ટાઢથી ધ્રૂજવાનું નહિ. વળી ઉનાળામાં આઇસ્ક્રીમ ખાવાની મજા ! વળી મોટા મોટા માણસોને તો ફુવારાના પાણીની ઊડતી ઝણમાં બેઠાં બેઠાં સાંજની હવા ખાવાની પણ મજા ! ઉનાળો ગરીબનો કહેવાય છે તે ખરું ! રાત્રે ગરીબને ટાઢે મરવાનું નહિ !

હવે સખત ઉનાળે મચ્છરો મરવા માંડશે અને માંકડોને લોકો તડકે એની મેળે ખાટલામાં ને ખાટલામાં મરવા દેશે; કેટલાક ખાટલા ખંખેરીને માંકડોને હેઠા પાડી તપેલી જમીનમાં ચડચડવા દેશે. ઝીણાં જીવડાંફીવડાં બધાં આ ગરમીમાં શેકાઈને સ્વધામ પહોંચી જવાનાં !

બીજી બાજુએ પેલા સૂતેલા જીવો સાપ, શેળો, દેડકાં ભેગાં થયાં છે; ને તેમનામાં જગા માટે તકરાર ન થાય તે માટે હિરોન બગલો સવારનો નાસ્તો લેવા કૂંડીએ આવ્યો છે. મચ્છીમાર પણ હમણાં તો લહેરમાં રહે છે ને ઊઘડતી સવારે એકબે દેડકાં પેટમાં પધરાવી પાઠ ભણતો હોય તેવી એકાગ્રતા અને અખંડપણે સીટી વગાડે છે. કાચંડા, કાગડા, ખેરખટ્ટા અને ખીસકોલાંને આજકાલ લહેરના દિવસો છે. જેનાં તેનાં ઇંડાં

ઉપાડીને માળાના માળા વસ્તી વિનાના કરે છે. તેઓ પક્ષીઓના વગર નોતર્યા અળખામણા મહેમાનો છે. હમણાં તમે નજર રાખજો, ખેરખટ્ટા ને કાગડા જેની તેની સાથે લડવામાં અને બાડી આંખે જેનો તેનો માળો શોધવામાં હશે. મહા મહેનતે બનાવેલા માળામાં સરખી રીતે એ બચ્ચાં ઉછેરવાં પણ ભારે મુશ્કેલીનું કામ છે. પક્ષીઓ સુખી છે ને લહેરથી ઊડે છે, કમાવા જવું પડતું નથી ને ભણવા પણ જવું પડતું નથી, ને બધી જાતની મજા છે, એમ ન માનતાં. તમને ઘણી વાર પક્ષીઓ થઈ જવાનું મન થાય છે; પણ બાપુ ! એને ય કેટલા ય દુશ્મનો છે. માણસો દુશ્મન, તેમ જ પક્ષીઓ પણ દુશ્મન; ગરોળી, સાપ, કાકીડો, એ બધા પણ દુશ્મન; શકરો ને બાજ પણ દુશ્મન. આ બધામાંથી બચવું ને ચણ મેળવવી, માળા બાંધવા, ઇંડાં સેવવાં, બચ્ચાં ઉછેરવાં ! એને ય કાંઈ ઓછી પીડા છે ? છતાં પક્ષીઓ ખૂબ આનંદી છે. ખોરાક ખાધા પછી જગ્યા માટે લડી લીધા પછી, તેઓ પાછાં લહેર કરે છે, ગાયન ગાય છે ને સુખેથી જીવે છે.

તમે જાણીને ખુશી થશો કે આપણા બાલમંદિરમાં આઇસ્ક્રીમ હતો. તમને આઇસ્ક્રીમ ખાવો બહુ ગમે, ખરું ? ત્રણ ત્રણ વાર આપ્યો તો યે કોઈ પૂરું ધરાય નહિ તો ! આઇસ્ક્રીમ તો ઠીક, પણ તમે લોકો બરફ ખાવાનાં પણ શોખીન. બાપ રે ! એવો ટાઢો ટાઢો બરફ તે તમે કેમ ખાતાં હશો ? તમે તો કડ કડ કરીને ઉડાવ્યે જાઓ છો ! હવે આ ઉનાળામાં બેત્રણ વાર આઇસ્ક્રીમ ઉડાવીશું.

હમણાં બાળકો અખાડામાં રમતાં નથી; શિયાળે બાળકો ઓરડામાં રમતાં ન હતાં. હમણાં બાળકો સંગીતમાં હાજર હોય છે; શિયાળે બાળકો અખાડાના ચકડોળ પર હાજર હતાં. બાળકો ઓરડામાં કામ કરે છે અને મધમાખીઓ બાગમાં કામ કરે છે. આ આટલો તડકો આપણને જ લાગે છે, પણ મધમાખીને જરા ય નથી લાગતો. ફૂલે ફૂલે તે બેસે છે ને મધ લઈ જઈ ક્યાંઈક મધપૂડો બનાવે છે. હોલાને પણ તડકો નથી લાગતો. તેમને તડકામાં 'તેજી ફૂઈ, તેજો ફૂઓ, ડૂબી મૂઓ' એમ ઘૂઘવવું અતિ ગમે છે. સક્કરખોરાને પણ તડકો વરતાતો હોય એમ લાગતું નથી. અંગ્રેજીમાં એનું નામ સનબર્ડ છે.

ઉનાળો ચાલે છે એટલે કીડીઓ કામે લાગી છે. ટીડ્ડાં આમતેમ ઊડશે ને મોજ કરશે; ખોરાક એકઠો કરશે નહિ ને ચોમાસે ભૂખે મરશે. વાંદરાં એક ડાળેથી બીજીએ ને બીજી ડાળેથી ત્રીજીએ ઠેકશે, ફળો ખાશે ને હૂકશે, પણ બખોલ કરશે નહિ ને ટાઢે ધ્રૂજશે. કીડીઓએ આગળથી કેડ બાંધી છે. પોતાનાં દર ઊંડાં ને ઊંડાં ખોદવા લાગી છે; ઝીણી

ઝીણી ગોળગોળ મટોડી ખોદી ખોદીને જમીન ઉપર લાવે છે; દરની આસપાસ માટીની નાની ઢગલીઓ થઈ ગઈ છે; વળી જ્યાં ત્યાંથી ખોરાક એકઠો કરી ઉપાડી જાય છે. મરેલ પતંગિયું, વીંછી, વાંદો, ગોળ, સાકર, ખાંડ, દાણા, જે ખાવા જેવું હોય તે અખંડ ઉદ્યોગથી ઉપાડે જાય છે. તેઓ ચોમાસા પહેલાં પોતાના કોઠાર ભરી દે છે. કીડીઓ ભિક્ષાવૃત્તિ કે લૂંટફાટ ઉપર નભનારી નથી. સજ્જન જેમ તે પોતાનો ખોરાક એકઠો કરે છે અને જરૂર પડે ખાય છે. જરાક બાગમાં ફરવા નીકળો ત્યારે જમીન ઉપર નજર નાખજો તો કીડીઓનાં દર અને કીડીઓનું કામ જોવાની મજા આવશે. કોઈ વાર તો કીડીઓ પોતાનાં ધોળાં ઇંડાં એક દરમાંથી બીજા દરમાં ફેરવતી દેખાશે. બિલાડી જેમ પોતાનાં બચ્ચાંને મોઢામાં લઈ શકે છે, તેમ આટલીક કીડીબાઈ એનું ટાંકણીના માથાથી યે નાનું ઇંડું ઝટપટ મોઢામાં લઈને એવાં તો દોડ્યા જાય છે કે રોક્યાં ન રોકાય પૂછ્યાં ન પૂછાય !

રાતના યે હવે ગરમી રહે છે. કોઈ વાર તો પવન સાવ પડી જાય છે. વિનોદપ્રિયાની ધજા છેક સૂઈ જાય છે. હવે આવી રાતો વધશે, ઉકળાટ થશે ને લોકો ગભરાશે. તોપણ હજી ઠીક છે.

આકાશ ચોખ્ખું રહે છે. અત્યારે અંધારિયું છે એટલે તારાનો દીપમાળ ઝગઝગી રહે છે. મારા ફળિયામાં બેઠાં બેઠાં તારાઓ જોવાની બહુ મજા પડે છે. હમણાં હું તારાઓનો થોડોક અભ્યાસ કરું છું. યાદ રાખજો, આવતે અઠવાડિયે તારાની વાતો લખીશ. તમે અત્યારથી તારાઓ જોવા તો માંડજો.

સવાર ખુશનુમા હોય છે; જોકે કોયલ હજી બહુ જોરમાં નથી કૂંજતી; હજી કાળોકોશી બેપાંચ સૂર કાઢતો નથી; હજી સવારે ઠંડીનો ચમચકારો રહે છે; સવારને વખતે હજી ઓઢવું પડે છે. પણ સવાર પડે કે તરત જ સૂરજ ગરમ થાય છે ને થોડીક વારમાં ઉકળાટ વધવા માંડે છે. તોપણ હજી ઠીક છે; હજી મે અને જૂન માસ આવવા દ્યો.

વારુ ત્યારે, સલામ !

લિ. તમારા

**ગિજુભાઈ**ના આશીર્વાદ

# ઋતુના રંગ : ૧૧ :

**ભાવનગર.**

**તા. ૧ - ૫ - ૩૬**

વહાલાં બાળકો !

અત્યારે બપોર છે; ખરા બપોર છે. ધોમ ધખ્યો છે. બાર ઉપર બે વાગ્યા છે. ધીમી ધીમી લૂ વાય છે. ઝાડ અને છોડ પાંદડાં નમાવી લંછાઈ ગયાં છે. વસ્તુમાત્ર ગરમ ગરમ થઈ ગઈ છે; મારું ખાદીનું પેરણ પણ ગરમ છે.

આ ગરમીમાં છાંયો શોધી કાગડા કા કા કરે છે; બ્રાહ્મણી, મેના અને કાબરો બોલે છે. અત્યારે બીજાં પક્ષીઓ સંભળાતાં નથી.

છતાં સવાર હજી ઠંડી છે. સવારનો પવન મીઠો આવે છે. ઊગતા સૂર્યના કિરણમાં આજે કોયલ કુહુ કુહુ કરતી હતી. કોયલ એટલે નર; કોયલમાં માદા કુહુ કુહુ કરી કૂંજતી નથી. આપણે માનીએ છીએ કે કોયલ નારી બોલે છે તે ખોટું છે; પક્ષીઓમાં નર ગાય છે. હવે કોયલના કંઠ બરાબર ઊઘડશે. આંબાવાડિયામાં તો કોયલના કૂજનની હેલી જામશે.

બ્રાહ્મણી પણ હમણાં તો સુંદર મીઠું બોલે છે. ઉનાળે ઝાડને જેમ પાંદડાં ફૂટે છે તેમ પક્ષીઓનાં ગળાં ફૂટે છે. બ્રાહ્મણી એટલું તો મીઠું બોલે છે કે સાંભળવાનું ગમે છે; એનો મંજુલ રવ મનને આનંદ આપે છે. એનો બોલ લાવણ્યભર્યો અને જાણે કે આપણને પ્રિય થવા બોલાતો હોય તેવો લાગે છે. બ્રાહ્મણી મેના તમે જોઈ છે ? કાબરની એ જાત છે; એને માથે ચોટલી છે. પણ એવી તો મજાની ઓળાવેલી રહે છે કે બસ !

ગઈ કાલે જ મેં મુનિયાનાં નાનાં નાનાં બચ્ચાં જોયાં. મુનિયા ચકલીથી જરી મોટું પક્ષી છે. નાનાં નાનાં મુનિયાં હજી તો વાડે વાડે ફરે છે; ચોમાસે એ મોટાં થઈ જશે અને ઘણે ઠેકાણે એ દેખાવા લાગશે. હમણાં તો ઉનાળો છે એટલે બચ્ચાં થવાનો ને મોટાં થવાનો

વખત છે. મોટે ભાગે પક્ષીમાત્ર એપ્રિલથી સપ્ટેમ્બર સુધી ઇંડાં મૂકશે, સેવશે ને બચ્ચાંને ઉછેરશે.

કાબર પણ હવે માળો તૈયાર કરવા લાગી છે. કાબર કલબલ કલબલ કરવામાંથી ને વાતો કરવામાંથી નવરી થાય ત્યારે માળો બાંધે ને! ચોમાસે એનાં બચ્ચાં થશે એની હગારમાંથી ઝીણી જીવાત થશે, અને પછી જેના ઘરની દીવાલમાં કાબરનો માળો હશે તેના ઘરમાં ઝીણી જીવાત ચાલી નીકળશે. વારુ, હજી તો ઉનાળો છે; ચોમાસું આવે ત્યારે વળી એની વાત.

પેલી દેવચકલીનો માળો કોઈએ વીંખી નાખ્યો ને કોઈ તેનાં ઇંડાં ને બચ્ચું ઉડાવી ગયું, કાં તો કાગડાભાઈ હશે ને કાં તો સાપ હશે. બિચારી દેવચકલી! નાનું એવું ઘર મહામહેનતે કરેલું, અને કોઈએ તે ભાંગીને ભૂકો કરી નાખ્યું!

પણ ફિકર નહિ. હજી ઉનાળો ચાલે છે. દેવચકલી આગળ ફરી વાર દેવચકલો નાચશે અને ગાશે. ફરી વાર દેવચકલી ને દેવચકલો માળો બાંધશે અને ફરી વાર દેવચકલી ઇંડાં મૂકશે. એમ તો કેટલાંક પક્ષીઓ બેત્રણ વાર આ ઉનાળામાં ઇંડાં મૂકશે.

સક્કરખોરાનું પારણું પીંપરે ઝૂલે છે અને અંદર બેઠેલું બચ્ચું બાદશાહના બેટા જેમ લહેર કરે છે; મા પણ અંદર બેઠી બેઠી તેની સાથે ઝૂલે છે; એ હાલરડાં ગાતી હશે!

આજકાલનું આકાશ હું જોઉં છું. હમણાં તો ચંદ્ર અરધો છે. આ ચંદ્રના અજવાળામાં હું સપ્તર્ષિઓ જોઉં છું. ઉત્તર તરફ આવેલા છે; જુઓ ને, મને તો બરાબર મૂકતાં પણ નથી આવડતા. જુઓ, ડાબી બાજુ ખુણામાં ટપકું છે તે ધ્રુવ તારો છે. આ ધ્રુવ તારો સ્થિર તારો ગણાય છે. એની ફરતા આ સાત ઋષિઓના તારા ફર્યા કરે છે. ધ્રુવ તારો ધ્રુવજી તપ કરવા ગયા હતા અને તપથી પ્રસન્ન થઈ ભગવાને જેને અવિચળ પદ આપ્યું હતું તે ઉપરથી કહેવાય છે. તમે એની વાર્તા તો સાંભળી જ હશે: પેલી ઉત્તાનપાદ રાજાને બે પુત્ર હતા; એક ધ્રુવજી અને બીજો ઉત્તમ, વગેરે. વાર્તા ન સાંભળી હોય તો કોઈને પૂછજો; આ વાર્તા તો બધાને આવડતી હોય છે.

આજકાલના ચંદ્રના અજવાળે રાતના નવેક વાગે હરણાં પશ્ચિમ તરફ નમી ગયાં દેખાય છે. દૂર છે એ તારા ને વ્યાધ કહે છે, અને ચાર પાયાની ખાટલી વચ્ચે ત્રણ ટપકાં છે તે

હરણાં કહેવાય છે; વ્યાધ એની પાછળ પડેલો છે. આની પણ વાર્તા છે; સુંદર છે. એમ તો આકાશના તારા ને ગ્રહોની ઘણી વાર્તાઓ છે, અને એની વાતો પણ રસિક છે. પણ મને એ બધું નથી આવડતું. હજી તો હું તારાનું શાસ્ત્ર હમણાં જ શીખવા માંડ્યો છું.

તમે એટલું તો કરો. રોજ રોજ આકાશ સામે જોયા જ કરો. અને તારાઓ કેવા કેવા હોય અને ક્યાં ક્યાં દેખાય છે એ તપાસો. ઉનાળે, શિયાળે, ચોમાસે, નોખા નોખા તારા તમને દેખાશે. કેમ જાણે તારાઓની પણ ઋતુ આવતી હોય, એમ તમને લાગશે. પછી તમને થશે કે એમ શાથી થતું હશે? અને પછી તમે જેને તેને પૂછવા લાગશો પછી તમે જાણશો કે પૃથ્વી આવી રીતે ફરે છે, ને તારાઓ શું છે ને કેવડા છે, ક્યાં છે વગેરે વગેરે. આપણને એમાં ઝાઝું આવડે નહિ, એટલે મૂંગા જ રહીશું.

ગોપાળરાવનો ગુલમહોર ફૂલે ફાલી ઊઠ્યો છે. પાનખરમાં એને એક પણ પાંદડું નહોતું રહ્યું; એમ લાગતું હતું કે એ સાવ સુકાઈ ગયો છે. પણ હમણાં તો લીલાંછમ પાંદડાંથી લીલો લીલો થઈ ગયો છે, અને ડાળે ડાળે લાલ ફૂલના ગુચ્છાથી તો તે કાંઈ શોભે છે! ઘરનાં આંગણામાં મોટી એવી ફૂલદાની જેવો એ સુંદર લાગે છે. નીચે ઊભા ઊભા જોઈએ તો એ ફૂલે ગૂંથેલા છત્તર જેવું લાગે. બાલમંદિર જેટલે ઊંચે ચડીને જોઈએ તો ફૂલના બુટ્ટા ભરેલો ગાલીચો અધ્ધર પાથર્યો હોય એવું લાગે! ઓણ તો મારા ગુલમહોરને પહેલવહેલાં જ ફૂલો આવ્યા છે; હજી તો ફૂલો બેસતાં જાય છે; સવારે ઊઠીને હું ગુલમહોર જ જોઉં છું, ને એનાં કેટલાં ફૂલો વધ્યાં તેની તપાસ કરું છું.

ખરો ઉનાળો છે પણ ઝાડનાં કુમળાંમાં કુમળાં પાંદડાં આ વખતે ફૂટે છે. ચોમાસામાં ઘાસ ઊગી નીકળે ખરું; ઉનાળામાં એ સુકાઈ જાય. પણ એ જ ઉનાળે મોટાં ઝાડોને પાંદડાં ને ફળો આણે. વાત એમ છે કે તડકો ઝાડને એકંદરે પસંદ છે. તડકામાં પ્રાણ છે, જીવન છે. ઝાડનાં પાંદડાં વડે ઝાડ પોતાનામાં ગરમી લે છે. એ ગરમી વડે તે જમીનમાંથી ખોરાક મેળવે છે ને તેને પચાવે છે. એટલે જો ઝાડને પાણી મળે, ખાતર મળે, પણ સૂરજનો તડકો ન મળે તો તેને અન્ન પચે નહિ અને તે મોટું ન થાય. ઝાડનાં પાંદડાં લીલાં થાય છે તે સૂરજના તડકાને લીધે થાય છે. તમે નવાઈ પામશો કે પાંદડાં પોતાની પાછળના ભાગમાં આવેલાં ઝીણાં ઝીણાં કાણાં વાટે તડકો લે છે. તમે જોશો તો દેખાશે કે દરેકે દરેક પાંદડું સૂરજના તડકા ભણી વળવાની મહેનત કરતું હશે, અને વળેલું હશે. ઝાડ અને વેલાઓ પોતાનાં પાંદડાં એવી જ રીતે ઉગાડે છે કે તે સૂરજનો તડકો સહેજે લઈ

શકે. પાંદડાંઓ એકબીજાં ઉપર તડકા માટે પડાપડી કરતાં નથી; પણ એવી રીતે ગોઠવાય છે કે બધાંને લાભ થાય અને ધક્કાધક્કી ન થાય.

આવો બાળી નાખે એવો ઉનાળો કાંઈ જેવોતેવો ઉપયોગી નહિ સમજતાં. ચોમાસું એને આધારે થાય. ખરી રીતે શિયાળો અને ઉનાળો મુખ્ય ઋતુ ગણાય.

હમણાં ગરોળી, કાકીડો ને બધાં પણ પોતાનાં ઇંડાં મૂકવા માંડ્યાં છે. મગર પણ ગરમ ગરમ રેતીમાં પોતાનાં ઇંડાં મૂકશે. ગરોળીનાં ઇંડાં ધોળાં અને ગોળ હોય છે. ડાહીબેનના કબાટમાંથી પરમ દહાડે બેત્રણ ઇંડાં નીકળ્યાં હતાં. આજકાલ ગરોળીનાં નાનાં નાનાં બચ્ચાં જ્યાં ત્યાં દોડમદોડ કરે છે. નવાં બચ્ચાંને દુનિયા નવી નવી લાગે એટલે કાંઈ ઘરડાં માવતર જેમ બેસી ન રહે; એ તો લહેર કરવા નીકળી પડે. એટલામાં વળી એક સમળી કે કાગડો ઉપાડી પણ જાય! નાની નાની ઉંદરડીઓ જ્યાં ત્યાં દેખાશે; સાપની માશીઓ પણ દેખાશે. વીંછીઓ, સાપ, કાનખજૂરા, એ બધાં હમણાં જન્મશે અને જીવવા માટે દોડશે. વિષ્ણુભાઈએ ગઈકાલે જ નાનો એવો વીંછી નાહકનો મારી નાખ્યો.

આંબે કેરીઓ અને રાયણ ઉપર રાયણો તો ક્યારની આવી ગઈ. લીમડે લીંબોળી હજી નાની નાની છે. મીઠો સુવાસભર્યો કોર ખરવા માંડ્યો અને તેની પાછળ લીંબોળી ડોકિયાં કરવા લાગી. મારા આંગણાને લીમડે તો બોર બોર જેવડી લીંબોળી થઈ પણ ગઈ! કેવો સુંદર એનો રંગ ને આકાર છે! મને તો બહુ ગમે છે. પેપડી હવે ખૂબ મોટી થઈ છે; પીંપરનું જીવન પેપડીમય થઈ ગયું છે. આજુબાજુની પીંપરો પેપડીથી ઢંકાઈ ગઈ છે, ત્યારે સામેની બોરડીનાં પાંદડાં ખરવા લાગ્યાં છે. બોરડીના દિવસો વહેલા આવ્યા ને વહેલા ગયા. એક વાર બોરડી બોરથી સુંદર હતી; આજે બોર વિનાની બોડી છે. પણ બધા દહાડા કાંઈ સરખા રહે છે?

અમારા ઘર પછવાડે એક લીમડાની ડાળી ઉપર મધ બેઠું છે. નાની થાળી જેવડું એ હજી થયું છે. દી બધો એની ઉપર મધમાખીઓ બેઠી જ હોય છે. અહીંતહીંથી મધમાખીઓ મધ લઈ આવે છે. હું સવારમાં ઊઠું તો ગુલાબમાં મધમાખીઓ બેઠી હોય છે; ત્યાંથી તે મધ લેતી હોય છે. આપણે ઉડાડીએ તો યે ઊડે નહિ. એમ તો મધમાખીઓ બારે માસ મધ બનાવ્યા કરે; પણ જ્યારે જ્યારે મધભર્યાં ફૂલો ઊઘડે ત્યારે ત્યારે તે ખૂબ જ મધ બનાવે. અહાહા! મધમાખીઓ કાંઈ કામઢી! એક ઘડી પણ નવરી ન પડે. મધપૂડાની તો

મોટી મોટી ચોપડીઓ લખેલી છે. મધમાખીઓ કેવી રીતે મધપૂડો બાંધે ને ક્યાંથી ને કેવી રીતે મધ લાવે ને બધાં કેવી રીતે ખાય, ઇંડાં ક્યાં મૂકે ને બચ્ચાં કેમ થાય, ને એવી એવી વાતો તો બહુ સુંદર છે. એમાં એક રાણી હોય છે; એનું કામ ઇંડાં જ મૂકવાનું; એને બીજું કામ નહિ. બીજી નોકર માખીઓ એને સારું સારું મધ ખવરાવે ને સાચવીને રાખે. અરે, આવી તો ઘણી ય વાતો છે. અમારા ઘર પછવાડેનું મધ અમારા નોકર બોરાએ બતાવ્યું હતું. બેચાર પથ્થરો વચ્ચે પોલાણ હતું, એમાં એ હતું. પણ જ્યારે અમે તે જોવા ગયા ત્યારે માખીઓ તેમાંથી ઊડી ગઈ હતી. ખાલી પૂડો અમે લઈ આવ્યા ને અમારા સંગ્રહસ્થાનમાં મૂક્યો. આવી આવી વસ્તુઓનું અમે સંગ્રહસ્થાન કરીએ છીએ. આ પૂડો મીણનો હતો. આપણે મીણ જોઈએ છીએ તે માખીઓએ બનાવેલું હોય છે. ઝીણાં ઝીણાં છ ખાનાંનો મધપૂડો મીણનો બનેલો હોય છે. તમે કોઈ વાર હાથમાં લઈ જોશો તો ખબર પડશે. માખીઓ ન હતી એટલે અમે વગર મહેનતે મધપૂડો લઈ શક્યા. માખીઓ હોય તો આપણને વીંટળાઈ વળે અને આખે ડિલે આપણને ચટચટ ચટકાવી નાખે! પણ હોશિયાર લોકો બહુ ખુબીથી મધપૂડા ઉપરથી મધ પાડી શકે છે, ને એક પણ માખીને કરડવા દેતા નથી.

મેં એક જણને મારી નજરે મધ પાડતાં જોયો હતો. લૂગડાને સળગાવીને તેનો ધુમાડો દીધો એટલે માખીઓ બેભાન થઈ ગઈ. પછી તેણે ઝટકો માર્યો એટલે મધપૂડાની બધી માખીઓ જમીન પર ઢગલો થઈ ગઈ. પછી તેણે મધપૂડો અમને બતાવ્યો, મધ બતાવ્યું, ઇંડાં બતાવ્યાં, રાણીનો મહેલ બતાવ્યો, બધું બતાવ્યું.

ઉનાળાની વાત કરતાં કરતાં આ તો મધપૂડાની વાત થઈ. વારુ ત્યારે, સલામ!

હજી ઉનાળો કાંઈ ચાલ્યો જવાનો નથી. હજી તો ઘામ થશે ને અકળાઈ જશું. પછી વરસાદનું મોં ભાળશું.

લિ. શુભેચ્છક

**ગિજુભાઈ**

# ઋતુના રંગ : ૧૨ :

**ભાવનગર.**

**તા. ૧૪ - ૭ - ૩૬**

પ્રિય બાળકો !

ઉનાળો ચાલતો હતો ને હું સંયુક્ત પ્રાંતના પ્રવાસે ઊપડ્યો. એટલે જ હું તમને ઋતુનો પત્ર લખી શક્યો નહિ, તો માફ કરશો.

હવે તો વર્ષાઋતુ બેસી ગઈ છે. બળબળતો ઉનાળો સંભારી સંભારીને એને વિષે કોણ લખે ? ગઈ તિથિ તો જોશી યે નથી વાંચતા, એવી એક કહેવત છે.

પણ આમ લખીએ તો ઉનાળાને અન્યાય કર્યો કહેવાય. એ તો ઉનાળાને પ્રતાપે આજે આપણે ત્યાં ચોમાસું છે ને લીલાલહેર છે.

થોડા જ વખત પહેલાં આકાશને અડે એવી આંધી ચડી હતી. રાજાની સવારીની ખબર આપતો ફોજદાર કે જમાદારનો ઘોડો નીકળે, તેમ વરસાદની ખબર આપતી આ આંધીએ આવીને લોકોને ખબર આપ્યા કે "તૈયાર થાઓ, તૈયાર થાઓ; મેઘરાજા આવવાના છે."

ડાહ્યા લોકોએ ઘરનાં છાપરાં ચળાવી લીધાં, ઘરની વંડીઓને છાજાં દીધાં ને વરસાદની વાટ જોવા માંડી.

પછી તો એક સાંજે વાદળાં ચારેકોરથી એકઠાં થવા માંડ્યાં અને જોતજોતામાં તો આકાશ કાળું ડિબ્બાણ થઈ ગયું. સૂર્યનો પ્રકાશ છેક ઓછો થઈ ગયો ને સાંજ જેવું દેખાવા લાગ્યું. પક્ષીઓને થયું કે જરૂર હવે વરસાદ આવશે. એટલે તેઓ માળા તરફ ઊડવા લાગ્યાં. પાણી ભરવા ગયેલી પનિહારી ભર્યે બેઢે ઉતાવળે પગે ઘર ભણી ચાલવા લાગી. નળિયાં ચાળવા છાપરે ચડેલો હસનો ઝટઝટ ઉઘાડાં કરેલાં કાવાં ઢાંકી દેવા માંડ્યો. ત્યાં તો અધ્ધરથી વરસાદ ત્રાટક્યો. આકાશના અવકાશમાં કેટલી યે તોપો ફૂટે એવો ગડુગડાટ

થવા લાગ્યો. અનરાધાર વરસાદ અને ગડુડાટ વચ્ચે વીજળી સબાકસબાક સબાકા દેવા લાગી.

એક ઘડીકમાં તો વરસાદને લીધે પૃથ્વીનો દેખાવ બદલાઈ ગયો. જે રસ્તાઓ ઉપર ધૂળ ઊડતી હતી તે રસ્તાઓ કીચડવાળા થઈ ગયા. જ્યાં સૂકા ખાડાઓ હતા ત્યાં પાણીનાં નાનાં નાનાં ખાબોચિયાં અને તળાવો થઈ ગયાં. જ્યાં તડકાથી કંટાળીને ઝાડ ને પાંદડાં ચીમળાઈને માથું નીચું નમાવીને ઊભાં હતાં ત્યાં ઝાડપાન પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં. જ્યાં થોડી વાર પહેલાં ગરમી લાગતી હતી ત્યાં હવે શીતળ મજાની હવા આવવા લાગી, ને આકાશનો દેખાવ પણ ફરી ગયો.

પહેલો વરસાદ, પહેલો વરસાદ ! સડકો ઉપર થઈને પાણી વહી ગયાં. ક્યાંક ક્યાંક સડકો તૂટી પણ ગઈ. નાનાં નાનાં નાળાં ખળખળ વહેવા લાગ્યાં. ખેતરોમાં પાણી ભરાયું ને રેલાવા માંડ્યું. એ રેલામાંથી નાના મોટા વોકળા થયા; વોકળાઓ જઈને નદીને મળ્યા, ને નદીએ નવા પાણીનાં પૂર આવ્યાં.

પહેલો વરસાદ, પહેલો વરસાદ ! ચાળ્યા વિનાનાં છાપરામાંથી ઘણા બધા ચૂવા થવા લાગ્યા. ઘર આખું પાણી પાણી થઈ ગયું. ફળિયામાં પડેલાં અને નહિ ઉપાડેલાં છાણાં અને લાકડાં પલળી ગયાં. છત્રી વિના બહાર ગયેલા લોકો પૂરેપૂરા પલળીને આવ્યા. વરસતે વરસાદે નિશાળમાંથી છૂટેલાં છોકરાં હાથે કરીને નહાતાં ને કૂદતાં ઘરને આંગણે ખૂબ ખૂબ મોડાં આવ્યાં.

પહેલો વરસાદ, પહેલો વરસાદ ! કેટલા ય દિવસનો તાપ અને ઘામ આજે શમી ગયા. કેટલા યે દિવસની ઊડતી ધૂળ આજે બેસી ગઈ, ને તેમાંથી મીઠી મીઠી વાસ આવવા લાગી. કેટલા યે દિવસે આજે તાપે તપતી ધરતી ટાઢી થઈ. મોરે આનંદમાં આવી કળા કરીને ટહુકો કર્યો. કોયલે પોતાનું કૂજન બમણા જોરથી લલકાર્યું. ચકલી, કાબર અને કબૂતરો ખાબોચિયામાં પાંખ પસારી નહાવા લાગ્યાં ને ખુશખુશ થતાં આમતેમ ઊડવા લાગ્યાં.

ચોમાસું આવ્યું, ચોમાસું આવ્યું, ચોમાસું આવ્યું ! ખેતરો પાણીથી તરબોળ થયાં. તળાવનાં ને કૂવાનાં પાણી ઊંચા ચડ્યાં. નદીઓનાં નીર કાંઠે અડ્યાં.

ચોમાસુ હજી આવે છે. ધોધમાર વરસાદ આવી ગયાને થોડા દિવસ થઈ ગયા છે; હમણાં પાછું કોરાડું છે. હમણાં ખૂબ ધામ થાય છે. આકાશે વાદળાં ચડે છે ને ઊતરે છે, પણ એકે ય છાંટો હેઠ આવતો નથી. હમણાં તો દિવસે વાદળાં રહે છે ને રાતે ચોખ્ખા મજાના તારા નીકળે છે. લોકો કહે છે કે આ તો સારું નહિ; આ કાંઈ વરસાદ આવવાના ચાળા નહિ.

એક વાર વરસાદ આવ્યો છે ને બીજી વાર પણ આવશે જ. એ કાંઈ આવ્યા વિના રહેવાનો છે ? એના દિવસો છે તે વહેલોમોડો આવશે જ.

હમણાં રોજ રોજ ફરવા જવાની મજા આવે એવું છે. નવું કુમળું લીલું ઘાસ ચોમેર ઊગી નીકળેલું છે. આખી ધરતી લીલા ગાલીચાથી ઢંકાયેલી લાગે છે. બાલમંદિર ઉપર ચડીને જોઈએ છીએ ત્યારે ચોમેર એવું તો સુંદર ને મનોહર લાગે છે કે બસ ! જાણે કે દોડીને ગધેડિયા ખેતરના લીલા ગાલીચામાં આળોટવા માંડીએ. અલબત્ત, ગધેડાને આવી લીલી હરિયાળી ભોંય ઉપર આળોટવાનું નહિ ગમે; એને તો રાખમાં અથવા ધૂળમાં જ આળોટવું ગમે છે.

આજકાલ તમે બહાર ફરવા જાઓ ત્યારે જ્યાં ઢોર ચરતાં હોય ત્યાં નજર નાખજો; ઢોરની પાછળ પાછળ તેમ જ તેમના પગની આજુબાજુ ચાલતાં ધોળાં બગલાં દેખાશે. આ ધોળાં બગલાંને ગાયબગલાં કહે છે. અંગ્રેજીમાં તેને ઢોરબગલાં કહે છે. ખરી રીતે તેને ઢોરબગલાં કહેવાં જોઈએ, કેમકે તે ઢોર પાછળ ને સાથેસાથે ચાલે છે. પણ બગલાં આમ ઢોરની આગળપાછળ શા માટે ચાલે છે, જાણો છો ? જુઓ, આ ચોમાસાના ખડમાં ઘણી બધી જીવાત થયેલી હોય છે. જ્યારે ઢોર ખડ ખાતાં ખાતાં ચાલે છે ત્યારે તેમના પગના સંચારથી ખડની જીવાત ઊડે છે. એ ઊડતી જીવાતને વગર મહેનતે ખાઈ જવા માટે ગાયબગલાં ઢોરની સાથે ચાલે છે. ગાયબગલાં પોતાનો ખોરાક કેવી ખૂબીથી શોધે છે તે ધ્યાનમાં આવ્યું ? પક્ષીઓમાં કેવી કુદરતી પ્રેરણા હોય છે ? આ ગાયબગલાં ધોળાં હોય છે; નજરે જોવાં ગમે છે; ઊડતાં જોવાની મજા આવે છે.

હમણાં તમે કોઈ ખાબોચિયાની પાસેની વાડ ઉપર કે તારના થાંભલા ઉપર કલકલિયો વારંવાર જોશો. નવા પાણીમાં અસંખ્ય દેડકાઓ આજકાલ કલકલિયાનો નાસ્તો, ભોજન, રોંઢો અને વાળુ છે. કલકલિયો ખૂબ જોરમાં અને લહેરમાં છે.

દેડકાં પોતે પણ લહેરમાં છે. ઊંઘમાંથી ઊઠીને મોટાં દેડકાં ગાનતાન કરવા લાગી ગયાં છે. વર્ષાનો જબ્બર જલસો તેઓ આખી રાત જમાવે છે. કોઈને ગમે છે કે નહિ તેની તેઓ જરા પણ પરવા કરતાં નથી. મોટા વાજાંઓની પાછળ નાની નાની પિપૂડીઓ પણ વાગે છે. આપણી કૂંડીમાં સંખ્યાબંધ દેડકા થયાં છે; કંઈ પાર વિનાની દેડકીઓ અહીંથી તહીં કૂદંકૂદા કરે છે. તે દેડકાં થયાં ત્યાર પહેલાં નાનાં નાનાં માછલાં જેવાં હતાં; તે પહેલાં નાનાં ઇંડાં હતાં. ચોમાસું એટલે દેડકાં થવાની મોટી જબરી મોસમ. હજારોની સંખ્યામાં દેડકાઓ થાય ને હજારોની સંખ્યામાં ખવાય કે મરી જાય. એમાંથી બચે તે મોટાં ભાભા દેડકાંઓ આવતા ચોમાસામાં ઇંડાં મૂકવા અને બચ્ચાં જોવા માટે રહે. ચોમાસાનું દેડકાગાન તમે રોજ રાતે જરૂર સાંભળતાં હશો જ.

આજકાલ કાબરબાઈ બહુ લહેરમાં છે. ઇંડામાંથી ફૂટીને બહાર આવેલાં બચ્ચાં હવે માળામાંથી બહાર આવી ગયાં છે. હવે તો માદીકરો કે બાપદીકરો એક જ ડાળે બેસે છે ને મજા કરે છે. મા જાણે કે દુનિયામાં કેમ રહેવું, કેમ ઊડવું એનો પાઠ કચકચ કરીને આપે છે, અને ચીબ ચીબ બોલીને બચ્ચું પાઠ ભણતું જાય છે. કાબરનાં છોકરાંને માણસનાં છોકરાં જેમ મોટાં થતાં વરસો જતાં નથી. થોડા વખતમાં બચ્ચાં સ્વતંત્ર થઈ ઊડવા લાગશે ને આવતે ચોમાસે તો આ બચ્ચાંઓ પોતાનાં બચ્ચાંને ચાંચે ચાંચે ઈયળો ને એવું એવું ખવરાવતાં હશે, ને ડાહ્યાડમરાં થઈ જિંદગીના પાઠો આપતાં હશે.

આપણા શંકરભાઈએ પહેલા વરસાદમાં નીકળી આવેલાં મખમલિયાંને શીશીમાં રાખ્યાં છે. શંકરભાઈ મખમલિયાંનો પ્રયોગ કરે છે. વરસાદ પડ્યો તેની બીજી સવારે રાતા મોટા માણેક જેવડાં ને લાલ રેશમનાં જાણે બનાવ્યાં હોય એવાં મખમલિયાં કોણ જાણે ક્યાંથી યે આવ્યાં. અણસમજુ લોકો તો એમ માને છે કે મખમલિયાં વરસાદ સાથે આકાશમાંથી પડે છે, પણ એ તો ખોટું છે. વૈજ્ઞાનિક લોકો કહે છે કે મખમલિયાં-ઇંદ્રગોપ વરસાદ આવતાં જ ઉંઘમાંથી જાગી જાય છે અને પહેલા વરસાદમાં દોડંદોડા કરી મૂકે છે. ચારેકોર લાલ દાણા વેરાયા હોય એવું ઝીણી નજરે નીચે જોઈને ચાલનારને દેખાય છે. હજી ઘાસે કોંટા માત્ર કાઢ્યા છે; એવી જમીન પર આ લાલ જીવડાં જોવાની મજા આવે છે. તે સુંવાળા મખમલ જેવાં છે એટલે આપણે તેને મખમલિયાં કહીએ છીએ; એનું ખરૂં નામ તો ઇંદ્રગોપ છે. શંકરભાઈ એને શીશીમાં પૂરે છે. માટીનો ખોરાક તેઓ ખાઈને રહે છે. તેઓ પોતાની ટેવ પ્રમાણે ઊંઘી જાય છે; જાણે મરી ગયાં હોય તેવાં જ બની જાય છે. પણ જ્યાં પાછા વરસાદના છાંટા પડે કે તરત જ તે જીવવા માંડે છે. એને વિષે

શંકરભાઈએ શિક્ષણપત્રિકામાં એક લેખ લખ્યો છે. તમારે મખમલિયાં પાળવાં હોય તો શંકરભાઈને મળજો; તેઓ તેમને ઉછેરવાની રીત બતાવશે.

આજકાલ આકડાની ઇયળો, કીડામારીની ઇયળો, ઊમરાની ઇયળો, એમ જાતજાતની ઇયળોનો જાણે વરસાદ થયો છે. ઊમરાની ઇયળે તો આખા ઊમરાનાં પાંદડેપાંદડાં કોરી ખાધાં છે. ઊમરા ઉપરથી નીચે પડીને ઇયળો બાલમંદિરના ઓરડામાં પેસી ગઈ છે.

બધા વાતો કરે છે કે આ ઇયળોને ભમરી ઉપાડી જાય ને પોતાના દરમાં રાખે છે. ભમરીનાં ઇંડાંમાંથી જ્યારે ઇયળો થશે ત્યારે આ ઇયળોને તે ખાશે ને મોટી થશે. ભમરીનાં દરો તોડીને જોઈ લેવું કે આ વાત ખોટી છે કે સાચી.

આકડાની ઇયળોમાંથી પતંગિયાં થાય છે; તેની ખબર બાલમંદિરનાં લગભગ બધાં બાળકોને પડી ગઈ છે. આકડાનાં પાંદડાં પાછળ પતંગિયાં પોતાનાં ઇંડાં મૂકે છે; તેમાંથી ઇયળો થાય છે ને આકડાંનાજ પાંદડાં ખાઈ જાડી થઈ ઊંઘે છે ને કોશેટો બની જાય છે. એ કોશેટામાંથી આખરે પતંગિયું થાય છે. શંકરભાઈએ પોતાના ઓરડામાં કાચની શીશીઓમાં આકડાની ઇયળોનાં ઘણાં પતંગિયાં બનાવ્યાં છે.

ચોમાસું એટલે જીવાતની ઋતુ. માખીઓએ લાખો ઇંડાં મૂક્યાં ને તેમાંથી લાખો માખીઓ થવા લાગી છે. આજકાલ તે જ કારણે માખીઓ વધવા લાગી છે. ઊધઈના તો રાફડા ફાટ્યા છે એમ જ કહી શકાય. પહેલો વરસાદ વરસ્યો કે રાફડામાંથી પાંખાળા મકોડા આકાશે ઊડ્યા; દિવસ બધો ઊડ્યા, એકાદ રાત પણ ઊડ્યા; બીજે દિવસે તેની પાંખો જ્યાં ત્યાં રખડતી જોવામાં આવી. કેટલાકને પક્ષીઓ ઉડાવી ગયાં; ગોકળગાય, ગોપલા, ભરવાડો અને જાતેજાતનાં જીવડાં ચોમાસા સાથે આવે તે ચોમાસા સાથે જાય.

આજકાલ દરજીડો જોરમાં છે; દિવસ બધો બોલે છે. માળો બનાવતો જાય છે ને ગાયન ગાતો જાય છે. બીજાં બધાં પક્ષીઓએ ઇંડાં સેવી બચ્ચાંને માળામાંથી ઉડાડી પણ દીધાં છે; આ દરજીડો કાંઈક મોડો પડ્યો છે. કોઈ ઘરાકનાં કપડાં સીવવા ગયો હશે ! તમે એનો માળો જોવા માગતાં હો તો મારા બાગમાં આવજો. શેતૂર ઉપર એનો માળો છે. એનું દરજીડો નામ છે તે સાચું છે. બે પાંદડાંને સીવીને એણે પડિયા જેવું બનાવ્યું છે. હવે એ પડિયામાં સુંવાળા વાળ, રૂ ને એવું લાવશે; તેમાં ખાડા જેવું બનાવશે ને પછી ઇંડાં મૂકશે.

ગઈ કાલે મેં નર્મદાબેનના બાગમાં દરજીડાનો સંપૂર્ણ માળો જોયો. નાનાં પાંદડાંને સીવીને તેણે તે કર્યો હતો. તેમાં બે ઇંડાં હતાં; હું જોવા ગયો ત્યાં તો એમાંથી ઇંડાં નીકળી ને હેઠે પડ્યાં. એક તો બિચારું તૂટી ગયું! બીજું રહ્યું તેને માળામાં મૂક્યું. ઇંડું સુંદર હતું. આકાર તો લંબગોળ જેવો, પણ એક છેડેથી અણીવાળું અને બીજે છેડેથી પહોળું હતું. ઇંડું કરમદા જેવું હતું, અને રંગે પોપટી ને તપખીરી છાંટાવાળું હતું. દરજીડાનું ઇંડું મેં જિંદગીમાં પહેલી વાર જ જોયું. સુંદર દેખાવનું હતું.

ચોમાસામાં બિલાડીનો ટોપ થાય છે તે જાણો છો? થોડા જ દિવસ પહેલાં છોડના એક ક્યારમાં થયેલો. સવારે ઊઠ્યો ત્યાં તો ટોપની દુર્ગંધ! મને થયું કે ક્યાંક ટોપ હોવો જોઈએ. આખરે તેને શોધ્યો ને ઉખેડીને ફેંકી દીધો.

આવા ટોપ ગંદકીમાં ને ગંદકીથી થાય છે. આપણા લોકો માને છે બિલાડીની વિષ્ટામાંથી તે થાય છે. ખરી રીતે હગાર કે એવી ગંદકીમાંથી એનો જન્મ થાય છે એ વાત સાચી છે. ગંધાતા ઉકરડામાં બિલાડીના ટોપ બહુ થાય છે. ટોપમાં પણ બેત્રણ જાતો હોય છે; કેટલાક ટોપ ઝેરી હોય છે ને કેટલાક નથી હોતા. સાહેબલોકો નહિ ઝેરી એવા ટોપને ખાય છે; તેનું શાક પણ કરે છે. તે ટોપ ગંધાતા હોતા નથી. મેં ખાઈ શકાય તેવા ટોપ જોયા નથી, તો ખાધા ક્યાંથી જ હોય? કહો ત્યારે, મેં ચોમાસા સંબંધે કેટલું લખ્યું? હવે વળી બેચાર દિવસ પછી. હજી તો મારે તમને આજકાલ ઊગી નીકળેલી વનસ્પતિ વિષે લખવાનું છે; આકાશના દેખાવો ઉપર લખવાનું છે ને ચોમાસાની ઘણી યે શોભા અને ખૂબી ઉપર પણ લખવાનું છે. ઋતુઓનો રાજા ચોમાસું છે. એની વાત તો લાંબી જ હોય ના!

લ્યો ત્યારે, રામરામ.

લિ. શુભેચ્છક

**ગિજુભાઈ**

# ઋતુના રંગ : ૧૩ :

બાલમંદિર : **ભાવનગર.**

**તા. ૨૨ - ૭ - ૩૬**

પ્રિય બાળકો !

ઋતુના રંગો સાચે જ ઋતુના રંગો છે. ધોરી આષાઢ માસ ચાલ્યો ગયો ને વરસાદે તણાવ્યું તે ભારે તણાવ્યું. એક વાર વરસાદ આવ્યો; પૃથ્વીને પલાળી મૂકી; નદી-સરોવર ભરી મૂક્યાં; તે સાથે ભોંયમાંથી ઘાસે અંકુર આપ્યા. પણ પાછો ખબર જ કાઢવા આવતો નથી ! વળી પાછો તડકો પડવા લાગ્યો છે; ઘામ તો ખૂબ જ થાય છે. બધા લોકો વરસાદની રાહ જોઈ રહ્યા છે. ઝાડ ઊંચી ડોકે, ખેડૂત ઊંચી ડોકે, ઢોર ઊંચી ડોકે, આકાશ સામે જોઈ રહ્યાં છે. દિવસે વાદળાં જેવું થાય છે ને સાંજ પડ્યે આકાશમાં તારા ઊગે છે. કેટલાક કહે છે કે દિવસે વાદળાં ને રાતે તારા એ બધા દુકાળ પડવાના ચાળા છે.

વરસાદ નથી આવતો તેથી ક્યાંક ક્યાંક ઘામને લીધે કૉલેરા પણ ચાલે છે. હવા પડી ગયેલી રહે છે તેથી પાચન પૂરું થતું નથી; કેટલાક લોકોને બેચેની જેવું રહે છે.

લીલું લીલું નવું ઊગેલું ઘાસ સુકાવા લાગ્યું છે, તે પીળુંપચક થવા માંડ્યું છે. એવું ને એવું વધારે ચાલે તો થોડા જ વખતમાં બધું સુકાઈ જાય; ને ઢોરને ચારો મળે નહિ.

ખેતરમાં વાવણાં થઈ ગયાં છે, પણ વરસાદે તણાવ્યું તેથી ખેડૂતો ચિંતાતુર થઈ ગયા છે. રોજ તે ઊગી ગયેલી બી સામે જુએ છે ને નિસાસા નાખે છે. આપણા દેશની ખેતીનો આધાર આકાશના વરસાદ ઉપર છે; એ ન આવે તો થઈ રહ્યું !

પણ હજી આશા તો છે જ; હજી વાદળાં ચડે છે ને ઊતરે છે; હજી અહીંતહીં વરસાદ વરસ્યાના સમાચાર આવે છે. ગઈકાલે લાઠીમાં ને ગઈ સાંજે બોટાદ-નીંગાળા વચ્ચે વરસાદ વરસ્યાના વાવડ છે. અહીં પણ થશે તો ખરો જ. એટલો બધો ઘામ છે તે થયા

વિના નહિ રહે. પરમ દહાડે અરધી રાતે વાવંટોળ થયો; એવો કે હમણાં વરસાદ તૂટી પડશે. પણ ત્યાં તો થોડી વારે આકાશે તારા દેખાયા !

આપણી ટેકરી ઉપર કંઈક જાતની ઔષધની વનસ્પતિ ઊગી નીકળી છે. કેટલી ય જાતનાં ઘાસ પણ ઊગ્યાં છે. આજે કેટલાંક ઘાસ મોંઘીબેને એકઠાં કર્યાં ને મને બતાવ્યાં. કેટલાંકનાં નામ હું જાણતો પણ નહોતો; મને મોંઘીબેને તે બધાનાં નામ આપ્યાં. એક ગાડાવાળાએ મને કહેલું કે લગભગ છપન્ન જાતનાં ઘાસ થાય છે. મને લાગે છે કે એથી યે વધારે જાતનાં ઘાસ ઊગતાં હશે. મોંઘીબેને નીચે લખેલાં ઘાસ આણ્યાં છે. પૂછીપૂછીને તેના નામો હું અહીં લખું છું. આ બધાં ઘાસ ઢોરને ખાવા માટે પરમેશ્વરે ઉગાડ્યાં છે. વરસાદ આવ્યો ને ધરતીમાંથી એ ઊગી નીકળ્યાં. વળી ઉનાળે બધું સુકાશે; બિયાં ખરશે ને આવતે ચોમાશે ઊગી નીકળશે.

આજે આણેલાં ઘાસ કુલ સોળ જાતનાં છે. આ સિવાય બીજાં પણ છે, પણ તે આજે એકઠાં કર્યાં નથી. સોળનાં નામ આ રહ્યાં : શેપુ, ધરો, ઘઉંલું, પીળી સોનસળી, પીળી માખણી, છૈયા, લાલ માખણી, પેડુ, બાકર કાચો, ઊંધીફુલી ઉર્ફે વાનરપૂછ, કાગડોળી, સાટોડો, મગામઠી, શેષમૂળ, ચકીમકી અને ચમારદૂધલી.

ઉપરાંત બીજી કેટલીક જાતની દવાની વનસ્પતિ-ઔષધિ પણ આપણી ટેકરી ઉપર ઊગેલી છે. કીડામારી, અઘેડો, શ્રીપંખ, તકમરિયાં, ગોખરુ, બહુફળી, ખડસલિયો, વગેરે વગેરે પણ ઊગી નીકળેલાં છે. હવે જો બીજો વરસાદ થાય તો ઘાસ મોટું થાય ને ઢોરનાં પેટ ભરાય. કુદરતની અદ્‌ભુત લીલા છે ને ? આજે વરસાદથી જે દવાના છોડો ઊગ્યા છે તેમાંથી હજારો રૂપિયાની દવા થશે ને હજારો રૂપિયાના વેપાર ચાલશે.

અહીં આજુબાજુ ઊગેલી ઔષધિ પણ કિંમતી છે. શ્રીપંખનાં મૂળ ચાવવાથી શીળસ મટી જાય છે. કીડામારી જંતુનો નાશ કરનારી છે. અઘેડો તો અઘ એટલે પાપને નાશ કરનારો છે, એનો અર્થ એ છે કે ખાંસી, દમ, વગેરે રોગોને તેની ભસ્મ મટાડે છે.

આજકાલ ઇયળો થવા લાગી છે. ઊમરામાં એટલી બધી ઇયળો થઈ કે પાંદડે પાંદડેથી જાણે એનો વરસાદ વરસ્યો ! આખો ઊમરો ઇયળોએ કરડી ખાધો. પણ પાંદડાં ખાઈખાઈને ઇયળો હજી ઊંઘી ગઈ નથી. વળી ઘાસના કૂદાં તો હજી થાય જ કેમ ? ઘાસ

મોટું થાય, ઇયળો થાય, પછી તે ઘાસ ખાય, પછી ઊંઘે, પછી તેમાંથી કોશેટા બને ને પછી તેમાંથી કૂદાં બને ના ? વરસાદને વાર લાગે છે તેની સાથે આ પણ ખોટી થાય છે.

ગઈ કાલે જરાક છાંટા જેવું થયું. બે છાંટા પડ્યા ને પછેડી ભીંજાય એટલો યે વરસાદ ન પડ્યો ત્યાં તો બધું વીંખાઈ ગયું !

પણ દરિયા ઉપર વરસાદ વરસ્યો હશે એમ લાગે છે. દરિયા ઉપર વરસાદ વરસ્યો હશે એમ લાગે છે. દરિયા ઉપર સુંદર મેઘધનુષ્ય તણાયું હતું. મેઘધનુષ્ય કેટલું બધું સુંદર લાગે ! તમે બધાંએ તો જોયું હશે. કેટલું બધું સુંદર, સુંદર, સુંદર !

ગઈ સાંજનો દેખાવ સુંદર હતો. વાદળાંની ગોઠવણ એવી થઈ ગઈ હતી કે આખી પૃથ્વીનો પટ ઘેરો લીલો બની ગયો હતો. આ ઘેરા લીલા ગાલીચાને જોઈ મન ખૂબ પ્રસન્ન થતું હતું. સૃષ્ટિનો ગંભીર દેખાવ મન પર ગંભીરતાની છાપ પાડતો હતો.

શ્રાવણ માસ તો ચાલવા માંડ્યો. હવે કહેવત પ્રમાણે સરવડાં આવે, પણ હજી સરવડું યે નથી આવતું.

ઘામ, ઘામ ને ઘામથી તો કંટાળ્યા. હવે તો લખવું યે નથી ગમતું ! તેમાં વળી થોડીક માખીઓ હાથ પર બેસીને કંટાળો આપે છે. ને ચોમાસાની માખીઓની હેરાનગતિ તો જાણવા જેવી છે જ. પણ તે હવે પછી.

હમણાં કોયલનાં બચ્ચાં ઊડવા લાગ્યાં છે; નાના કાગડા જેવાં તે લાગે છે. હાલ તો એ જ.

લિ. શુભેચ્છક

**ગિજુભાઈ**ના આશીર્વાદ